હિંદુસ્તાનનો ઇતિહાસ.

(મુસલમાની અને મરેઠી રાજ્યોનું વર્ણન.)

ગુજરાતી નિશાળોના વિદ્યાર્થીઓને માટે.

રચનાર

જ. ફ. માડન,

ડેપ્યુટી એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર,

ગુજરાતી શાળા, મુંબઇ.

છપાવી પ્રગટ કરનારા

દી૦ અરદેશરની કું૦—ચોપડી વેચનારા.

નં૦ ૫૬, ધોબીતલાવ, મુંબઇ.

કિમ્મત — બે આના.

૧૮૯૮, ઇસ્વી.

૬૬૯૪

હિંદુસ્તાનનો ઇતિહાસ.

(મુસલમાની અને મરેઠી રાજ્યોનું વર્ણન.)

ગુજરાતી નિશાળોના વિદ્યાર્થીઓને માટે.

રચનાર

જ. ફ. માડન,

ડેપ્યુટી એડ્યુકેશનલ ઇન્સ્પેકટર,

ગુજરાતી શાળા, મુંબઇ.

છપાવી પ્રગટ કરનારા

દી૦ અરદેશરની કું૦—ચોપડી વેચનારા.

નં૦ ૫૬, ધોબીતલાવ, મુંબઇ.

કિમ્મત — બે આના.

૧૮૯૮, ઇસ્વી.

ધી રીપન પ્રીંટીંગ પ્રેસ કું૦, લી૦

૬૬૯૪

દી૦ અરદેશરની કુંપનીનાં
જરથોસ્તી ધર્મ સંબંધી
વાંચવા તથા ભેટ આપવાલાયક પુસ્તકો.

(૧) મકાશેફાતે કએવાની અથવા જામે કેખશરો—**આના આઠ.** (કપડાંની, સુનેરી નામ સાથની રૂ૦ ૧)

(૨) પેગમ્બર સાહેબ અશો જરથોસ્તનું પંદનામું—**આના બે.**

(૩) જરથોસ્તીઓ માટે બંદગી કરવા લાયક કલામ તે પાક અવસ્તાજ છે. દસ્તુર સાહેબોના મતો, ૪૦ વધારા સહીત—**આના ત્રણ.**

(૪) વંદીદાદની કેટલીક ભેદી બાબતો : તેમની ખરી સમજ સારૂં આત્મજ્ઞાનની જરૂર—**આનો એક.**

(૫) શેહેનશાહ કયખુશરોની જીંદગીનો હેવાલ, ખોદાશનાસીની ફીલસુફીને આધારે—**આનો એક.**

(૬) તાજનામું : શેહેનશાહ નોશેરવાનના તાજ ઉપરની નસીહતો.—**આનો એક.**

રાહે રોશન : જરથોસ્તી ધર્મ અને સંસાર વેહવારને લગતું માસીક પત્ર. વાર્ષીક લવાજમ રૂ. ૨)

રાહે રોશનનું પેહેલું તથા **બીજું** પુસ્તક, શોભીતા પુઠાંમાં બાંધેલું, દરેકના **રૂ. ૨ા**

દી૦ અરદેશરની કું૦—૫૬, ધોબીતલાવ, મુંબઇ.

६६९४

हिंदुस्तानको इतिहास.

પ્રકરણ ૧ લું.

પ્રાચીન અને મધ્ય કાળ.

હિંદુસ્તાન.—પ્રાચીન કાળથી આપણા દેશના બે મુખ્ય ભાગ ગણાયલા છે :—(૧) હિમાલય પર્વતથી નર્મદા નદી સુધીનો દેશ (હિંદુસ્તાન); (૨) નર્મદા નદીની દક્ષિણે આવેલો મુલક (દખણ). આગલા વખતના હિંદુ ગ્રંથકર્તા નર્મદાની ઉત્તરે આવેલા દેશને 'આર્યવર્ત' કરીને લખી ગયા છે, કેમકે હાલના હિંદુઓના (તેમજ યુરોપીઅન અને પારસીઓના) વડીલો 'આર્ય' નામથી ઓળખાતા હતા. અસલી ઇરાનીઓના પુસ્તકમાં સિંધુ નદીને કાંઠે વસનારા લોકોને હિંદુ કરીને કહ્યા છે, તે ઉપરથી મુસલમાન લોકોએ નર્મદાની ઉત્તર તરફના દેશનુ નામ હિંદુસ્તાન, અને ત્યાં વસતા આર્ય લોકનુ નામ હિંદુ કરીને આપ્યું એવું ધારવામાં આવે છે. હાલના વખતમાં દખણ સહિત આખા દેશને પણ હિંદુસ્તાન કહે છે.

આર્ય લોકની હિંદુસ્તાન ઉપર સવારી.—ઘણા પ્રાચીન કાળમાં, આશરે ૪૦૦૦ વર્ષ ઉપર, આર્ય લોકની એક શાખા તેમના મધ્ય એશિયા માહેલાં રેહેઠાણમાંથી નિકળીને હિંદુકુશ પર્વતને માર્ગે હિંદુસ્તાનમાં પેઠી, અને પેહેલાં પંજાબમાં વસ્તી કરી રહી. પંજાબની નદીઓને કાંઠે કેટલીક સદી સુધી રહ્યા પછી જ્યારે તેમની સંખ્યા અને બળ ઘણું વધ્યું, ત્યારે તેઓએ ગંગા નદીને કાંઠેના મુલકો ઉપર ચઢાઇ કરી, અને ત્યાંના મૂળવતનીઓને પર્વતો અને જંગલોમાં હાંકી કાઢીને તે ફળવંત દેશના ધણી થઇ પડ્યા.

અસલી હિંદુઓના ચાર વર્ગ.—જેમ જેમ આર્ય લોકના રાજ્યો બળવાન થતાં ગયાં, તેમ તેમ રાજા અને સરદારો જે પ્રથમથી ધર્મગુરૂ પણ ગણાતા હતા, તેઓ રફતે રફતે તેમની ધર્મગુરૂ તરીકેની ફરજો છોડતા ગયા. એથી બ્રાહ્મણોનો જૂદો વર્ગ ઉભો થયો, અને રાજા ક્ષત્રી કેહેવાવા લાગ્યા. ધીમે ધીમે આર્ય લોકોમાં ચાર મુખ્ય વર્ગ થયા, જે પ્રખ્યાત હિંદુ કાયદાશાસ્ત્રી 'મનુ'ના પુસ્તકમાં જોવામાં આવે છે:—

૧. **બ્રાહ્મણ** — ધર્મગુરૂનો વર્ગ.

૨. **ક્ષત્રી** — રાજા અને લડવૈયાઓનો વર્ગ.

૩. **વૈસ્ય** — ખેડુત તથા ધંધાદારી અને કારીગરોનો વર્ગ.

૪. **સુદ્ર** — હિંદુસ્તાનના અસલના મુળ વતનીઓ તથા નોકરોનો વર્ગ.

બોધ ધર્મ.—ઇસવી સનની પૂર્વે છઠી સદીમાં 'શક્યમુની' અથવા 'ગૌતમ' નામનો પ્રખ્યાત ધર્મગુરૂ થઇ ગયો, જેણે પાછળથી 'બુદ્ધ' નામ ધારણ કીધું. તે અયોદ્ધ્યાની ઉતરે આવેલા એક મુલકના રાજાનો છોકરો હતો; પણ નાની ઉમરથીજ એનું ધ્યાન ધર્મ સંબંધી બાબતોપર લાગું હતું. ત્રીસ વર્ષની ઉમરે તે બાપનો મેહેલ અને બાયડી છોકરાં તજીને જંગલમાં સાધુ તરીકે જઇ રહ્યો. છ વર્ષ આ પ્રમાણે એકાંતવાસમાં જીંદગી ગુજાર્યા પછી તેણે એક નવો ધર્મ રચ્યો, અને પોતાની બાકીની જીંદગી તે ધર્મનો ફેલાવો કરવામાં ગુજારી. બુદ્ધે નાત જાતનો કાંઇ પણ તફાવત રાખ્યા વગર સઘળાં માણસોને સરખાં ગણ્યાં. મરણ પછીનુ સુખ માણસોના પોતાના કર્મ ઉપર આધાર રાખે છે, અને તે સુખ દુનિયાના મોજ શોખનો ત્યાગ કીધાથી અને સાચા અને પરોપકારી થયાથીજ મળશે, એવું તેણે શીખવ્યું.

એના મરણ પછી એના ચેલાઓએ એના વચનોનો સંગ્રહ કર્યો; અને આ સાદો નીતિનો ધર્મ લોકના મનને અનુસરતો થવાથી તેનો ફેલાવો હિંદુસ્તાનમાં ઘણો જલદી થયો, જેથી એક હજાર વર્ષ સુધી બ્રાહ્મણોનો ધર્મ પડી ભાગ્યો. પાછળથી બ્રાહ્મણોનો દોર વધતો ગયો, અને બૌદ્ધ ધર્મ રફતે રફતે હિંદુસ્તાનમાંથી નીકળી ગયો; પણ પડોશના દેશો ચીન, તિબેટ, બરમા, સિયામ, અને સીલોનમાં તે આજ સુધી ટકી રહ્યો છે. પૃથ્વીની વસ્તીના ત્રીજા ભાગ કરતાં વધારે લોક હાલ બૌદ્ધ ધર્મ પાળે છે.

પરદેશી રાજાઓની સવારી.—ઇ૦ સ૦ પૂર્વે ૫૨૧ માં ઇરાનના રાજા દરાયસે અફઘાનીસ્તાનને રસ્તે હિંદુસ્તાનપર ચઢાઇ કરી, અને સિંધુ નદીને કાંઠેનો કેટલોક મુલક પોતાને તાબે કરીને તે પાછો ફર્યો.

ત્યાર પછી ઇ૦ સ૦ પૂર્વે ૩૨૭ માં મેસીડનના રાજા સીકંદરે ઇરાન જીતી લીધા પછી કાબુલને માર્ગે હિંદુસ્તાનપર સવારી કરી, અને ઉત્તર હિંદુસ્તાનનો કેટલોક ભાગ જીતી લીધો. જેલમ નદીના કાંઠાપર પંજાબના એક પ્રાંતનો 'પોરસ' નામે રાજા સીકંદરની સામો થયો, પણ સીકંદરે તેને હરાવ્યો. પોરસની બહાદુરીથી ખુશી થઇને સીકંદરે તેનો મુલક તેને પાછો આપ્યો, અને પછી 'મગધ' પ્રાંત તાબે કરવાની ધારણાથી તે આગળ વધ્યો. સતલજ નદીથી આગળ વધવાને તેના સીપાઇઓએ ના પાડી, તેથી સીકંદરને સિંધ અને બલુચિસ્તાનને રસ્તે ઇરાન પાછું ફરવું પડ્યું. આ શુરો બાદશાહ ઇ૦સ૦ પૂર્વે ૩૨૩ માં 'બેબીલન' શેહેરમાં મરણ પામ્યો.

સીકંદરના મરણ પછી તેના રાજ્યના ભાગો તેના સરદારોએ વેંહેંચી લીધા, તેમાં ઉત્તર હિંદુસ્તાનનો જીતેલો મુલક 'સેલ્યુકસ' નામના સરદારના હાથમાં આવ્યો. ઇ૦ સ૦ પૂર્વે ૩૧૨ માં સેલ્યુકસે મગધ

પ્રાંત પર ચઢાઇ કરી, પણ મગધના રાજા 'ચંદ્રગુપ્ત' અને તેની વચ્ચે સલાહ થઈ, અને સેલ્યુકસે પોતાની છોકરીને ચંદ્રગુપ્ત સાથે પરણાવી.

મગધનું રાજય.—પ્રાચીન કાળમાં મગધનુ રાજ્ય હિંદુસ્તાનમાં મોટું ગણાતું હતું. ત્યાં 'નંદ' કુળના રાજા રાજ કરતા હતા, જેમની રાજધાની 'પાતલી પુત્ર' નામે નગર હતું, જેને હાલ પટના કહે છે. ઇ૦ સ૦ પૂર્વે ૩૧૫ માં ચંદ્રગુપ્તે પાતલીપુત્ર નગરનો કબજો લઇને નંદ વંશના રાજ્યનો છેડો આણ્યો, અને મગધમાં મોર્ય વંશ સ્થાપ્યું. એણે ૨૪ વર્ષ રાજ કર્યું (ઇ૦ સ૦ પૂ૦ ૩૧૫–૨૯૧). એના પૌત્ર 'અસોક'ના અમલમાં બૌદ્ધ ધર્મ કનોજ સિવાય આખા હિંદુસ્તાનમાં પાળવામાં આવ્યો. અસોકે ૪૦ વર્ષ રાજ કર્યું (ઇ૦ સ૦ પૂ૦ ૨૬૩–૨૨૩). અસોક પછી લગભગ ૧૦૦ વર્ષ સુધી મોર્ય વંશની ચઢતી હિંદુસ્તાનમાં રહી; અને ત્યારપછી હિંદુસ્તાનના ઉત્તર ભાગમાં મધ્ય એશિયામાંની 'સીધ્યન' જાતે થોડોક વખત સુધી અમલ ચલાવ્યો. સીધ્યન રાજાઓમાં 'કનીશ્ક' નામનો રાજા ઘણો બળવાન થયો, જેના વખતમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો મધ્ય એશિયા અને ચીનમાં થયો (ઇ૦ સ૦ ૪૦).

વીક્રમ—મોર્ય વંશ અને સીધ્યન લોકોની પડતી સાથે બ્રાહ્મણો અને બૌદ્ધ ધર્મ પાળનારા વચ્ચેનો ઝગડો શરૂ થયો; અને તેજ વખતમાં હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં મોટાં રજપુત રાજ્યો થયાં. આ રાજયોમાં 'અંધ્ર' વંશનું રાજ્ય પણ બળવાન ગણાતું હતું, જે ઉજ્જનના પ્રખ્યાત રાજા વીક્રમે ઇ૦ સ૦ પૂર્વે ૫૭ માં સ્થાપ્યું હતું, જે વરસથી એને નામનો સંવત શરૂ થયો. વીક્રમ રાજા ઘણો દયાળુ અને પરોપકારી હતો, અને એણે વિદ્યાને ઉત્તેજન આપીને લોકોની સ્થિતિ સુધારી.

શાલીવાન—દખણમાં ગોદાવરી નદીને કાંઠે પૈઠણ નામના મુલકમાં શાલીવાન નામે રાજા ઈ૦ સ૦ ૭૭ માં થઇ ગયો, જેણે બૌદ્ધ ધર્મનો નાશ કરવામાં બ્રાહ્મણોને સારી મદદ કરી. બ્રાહ્મણોએ તેની કીર્તિ ઘણી ફેલાવી, અને (ઈ૦ સ૦ ૭૭ થી) તેનો શક ચલાવ્યો, જે દખણમાં હજુ કેટલેક ઠેકાણે ચાલે છે.

પ્રકરણ ૨ જું.

મુસલમાનોની ચઢાઇ ઈ૦ સ૦ ૬૩૬–૧૨૦૬.

આરબોની ચઢાઇ—ઈ૦ સ૦ ૬૩૬ માં અરબસ્તાનના ઓમાન પ્રાંતના હાકમે સમુદ્રને માર્ગે હિંદુસ્તાનના પશ્ચિમ કીનારાપર હુમલો કીધો, ને 'થાણા' લુટી પાછો ગયો. ઈ૦ સ૦ ૭૧૨ માં બસરાના સુબાએ મહમદ કાસમ નામના સરદારને સિંધ પ્રાંત જીતવા મોકલ્યો. કાસમે ત્યાંના રજપુત રાજા 'દાહીર' ને હરાવીને સિંધ પ્રાંતમાં મુસલમાની અમલ બેસાડયો. ૭૧૪ માં બગદાદના નવા ખલીફે મહમદ કાસમને પાછો બોલાવી મારી નાખ્યો, ત્યારપછી સિંધમાં મુસલમાનોનુ બળ ઓછું થતું ગયું, અને રફતે રફતે રજપુતોએ પાછો એ પ્રાંતનો કબજો લીધો (ઈ૦ સ૦ ૮૨૮).

સબકતગીન—(ઈ૦ સ૦ ૯૭૭—૯૯૭). બુખારાના કોઇ સુલતાનના 'અલપ્તગીન' નામના તુર્કી ગુલામે અફગાનીસ્તાનના 'ગીજની' શેહેરમાં એક સ્વતંત્ર રાજ સ્થાપ્યું હતું. અલપ્તગીન પછી તેનો જમાઇ 'સબકતગીન' ગીજનીનો રાજા થયો. ૯૭૭ માં પંજાબના રાજા જયપાલે પેશાવરની ખીણમાં સબકતગીનના મુલક ઉપર હુમલો કર્યો, તેથી સબકતગીને પંજાબપર ચઢાઇ કરી, અને જયપાલને હરાવ્યો. પેશાવર

પોતાને કબજે કરીને અને ઘણી લુટ લઈને સબકતગીન પાછો ફર્યો, અને ૯૯૭ માં મરણ પામ્યો.

મહમુદ—(ઇ૦ સ૦ ૯૯૭-૧૦૩૦). મહમુદ એના બાપ સબકતગીનના મરણ પછી ૯૯૭ માં ગીજનીની ગાદીએ બેઠો. એ ઘણો બાહાદુર અને લોભી બાદશાહ હતો. હિંદુસ્તાનની બેસુમાર દોલત મેળવવાની લાલચથી અને ત્યાંનો મુર્તિપુજક ધર્મ તોડીને મુસલમાની ધર્મ ફેલાવવાની ધારણાથી તેણે ૧૦૦૧ અને ૧૦૨૫ની વચ્ચે હિંદુસ્તાનપર ૧૭ સવારી કરી, જેમાંની બાર પંજાબપર કરી, બે કાશ્મારપર કરી, ને બાકીની ત્રણ કનોજ, ગવાલ્યર, અને ગુજરાતમાં સોમનાથના દેવળપર કરી. આ સત્તર સવારીમાં બાર સવારી સારી પેઠે જણાયલી છે. મહમુદની સવારીના ફળ તરીકે પંજાબ પ્રાંતનો પશ્ચિમ ભાગ મહમુદને તાબે થયો, હિંદુસ્તાનની બેસુમાર દોલત ગીજનીમાં ધસડાઇ ગઇ, સંખ્યાબંધ દેવળો અને મુર્તિઓનો નાશ થયો, લખો માણસો લડાઈમાં માર્યા ગયા, અને લખો ગુલામ તરીકે વેચાયા. નગરકોટ, થાનેશ્વર, અને સોમનાથના દેવળમાંથી તથા મથુરા શેહેરમાંથી મહમુદને ઘણી લુટ મળી. ગીજનીના રાજની હદ ઇરાનથી પંજાબ સુધી વધારીને મહમુદ ૧૦૩૦ માં મરણ પામ્યો. એણે ગીજનીમાં એક સુંદર મસીદ બંધાવી, અને મદ્રેસા સ્થાપી. વિદ્વાન માણસોને એ મદદ કરતો હતો; અને એની ઉદારતા વિષે સાંભળીને પ્રખ્યાત 'ફીરદોસી' કવી એની દરબારમાં આવી રહ્યો, અને ત્યાં મહમુદના આશરા હેઠળ શાહનામાનુ વખણાયલું કાવ્ય લખ્યું.

મહમુદના વંશજો—(૧૦૩૦-૧૧૮૬). મહમુદ પછી થનારા ગીજનીના રાજાઓએ માહોમાહે વઢીને રાજ્ય નબળું પાડ્યું, અને મહમુદે જીતેલા પ્રાંતો એક પછી એક ખોયા. તે વખતમાં ગીજની

અને હેરાતની વચ્ચે આવેલું 'ઘોર' નુ રાજ્ય બળવાન થયું. ઘોરનો રાજા કુટબુદીન ગીજનીના રાજા બેહેરામનો જમાઇ હતો. સસરા જમાઇ વચ્ચે કાંઇ ખટપટ થવાથી બેહેરામે કુટબુદીનને મારી નાખ્યો; તેથી કુટબુદીનના ભાઇ અલાઉદીને ગીજની શેહેર હુમલો કરીને લીધું, અને બેહેરામને ત્યાંથી હાંકી કાઢયો (૧૧૫૨). બેહેરામ હિંદુસ્તાન ભણી નાઠો, પણ માર્ગમાં મરણ પામ્યો. બેહેરામના છોકરા ખુશરૂએ અને તેના પૌત્ર ખુશરૂ મલીકે ત્યાર પછી લાહોરમાં રાજ કર્યું. ૧૧૮૬ માં ગીજનીના હાકેમ શાહબુદીન ઘોરીએ ખુશરૂ મલીકને લાહોરમાંથી હાંકી કાઢયો, ને મહમુદના વંશના રાજ્યનો અંત આણ્યો.

શાહબુદીન અથવા મંહમદ ઘોરી—(૧૧૮૬—૧૨૦૬). મહમદ ઘોરી ૧૧૭૩ માં ગીજનીનો રાજા થયો, અને ૧૧૮૬ માં લાહોર સર કરીને પંજાબમાં તેણે પોતાનો અમલ બેસાડયો. ૧૧૯૧ માં ઉત્તર હિંદુસ્તાન જીતવાની મતલબથી તે આગળ વધ્યો, પણ 'થાનેશ્વર' આગળ દીલ્હી અને અજમેરના રાજા 'પૃથ્વીરાજે' તેને હરાવી પાછો કાઢયો. ૧૧૯૩ માં મહમદ એક મોટી ફોજ સહિત પાછો પૃથ્વીરાજની સામો થયો. કનોજના રાજા સાથે પૃથ્વીરાજને કાંઇ ખટપટ થવાથી આ વખતે પૃથ્વીરાજને સઘળા હિંદુ રાજાઓની મદદ મળી શકી નહી; તેથી જ્યારે હિંદુ અને મુસલમાનોની ફોજો પાછી થાનેશ્વર આગળ મળી ત્યારે પૃથ્વીરાજ હાર્યો અને માર્યો ગયો. મહમદે તરત દીલ્હી અને અજમેરનો કબજો લીધો, ને હિંદુસ્તાનના જીતી લીધેલા મુલકમાં પોતાના એક ગુલામ કુટબુદીનને સુબો ઠરાવીને તે પાછો ગીજની ગયો. ૧૧૯૪ માં તે પાછો હિંદુસ્તાન આવ્યો, ને કનોજનું રાજ લઇ લીધું. કુટબુદીને ગુજરાતના રાજા ભોળા ભીમદેવને હરાવીને અણહીલવાડ સર કર્યું; અને મહમદના બીજા સરદાર બખત્યાર ખીલજીએ ૧૧૯૯ માં

બહાર પ્રાંત અને ૧૨૦૩ માં બંગાલા પ્રાંત તાબે કર્યા. આ પ્રમાણે આખાં હિંદુસ્તાનમાં સિંધુ નદીથી ગંગા નદીના મુખ સુધી મહમદનુ રાજ થયું. ૧૨૦૩ માં ગક્કર જાતની પંજાબની એક પાહાડી જાતે લાહોરનો કબજો લીધો. ૧૨૦૬ માં મુહમદે આવીને એ લોકને હરાવ્યા, પણ એ લોકની એક ટોલીએ સિંધુ નદી ઓળંગીને તેની છાવણીમાં તેને ઉંઘતો મારી નાખ્યો.

પ્રકરણ ૩ જું.

મુસલમાનોનો અમલ—(૧૨૦૬—૧૫૨૬).

ગુલામી વંશના રાજા—(૧૨૦૬-૧૨૯૦).

૧. કુટબુદીન.....૧૨૦૬-૧૨૧૦.

૨. આરામ............ ૧૨૧૦. કુટબુદીનનો છોકરો; અલ્તમશે ગાદીએથી ઉઠાડી મૂકયો.

૩. અલ્તમશ ...૧૨૧૦-૧૨૩૫. કુટબુદીનનો ગુલામ અને જમાઇ.

૪. રૂકનુદીન .... ૧૨૩૫-૧૨૩૬. અલ્તમશનો છોકરો; રજીઆબેગમે ગાદીએથી ઉઠાડી મુકયો.

૫. રજીઆ બેગમ ૧૨૩૬-૧૨૩૯. અલ્તમશની દીકરી; એની દરબારમાંના ઉમરાવોએ એને મારી નાખી.

૬. બેહેરામ .... ૧૨૩૯-૧૨૪૧. અલ્તમશનો છોકરો; લશકરે હુલડ કરીને એને મારી નાખ્યો.

૭. મસુદ.............૧૨૪૧-૧૨૪૬. રૂકનુદ્દીનનો છોકરો; નાસરૂદ્દીન મહમદે ગાદીપરથી ઉઠાડી મુકયો.

૮. નાસરૂદ્દીન મહમદ૧૨૪૬-૧૨૬૫. અલ્તમશનો છોકરો; એણે રાજ્ય કારભાર સઘળો એના વજીર ગ્યાસુદ્દીન બલબનને સોંપ્યો હતો.

૯. ગ્યાસુદ્દીન બલબન.૧૨૬૫-૧૨૮૭. અલ્તમશનો ગુલામ અને જમાઇ.

૧૦. કૈકુબાદ..........૧૨૮૭-૧૨૯૦. ગ્યાસુદ્દીનનો પૌત્ર; એનો વજીર જલાલુદ્દીન ખીલજી એને મારી નાખી ગાદીએ બેઠો.

ગુલામી વંશના રાજ્યના મુખ્ય બનાવ—શાહાબુદ્દીનના મરણ પછી કુટબુદ્દીને પોતાને હિંદુસ્તાનનો બાદશાહ જાહેર કર્યો, અને દીલ્હીમાં રાજધાની કરી ગાદીએ બેઠો. એણે મુસલમાનોની ફતેહની નીશાની તરીકે દીલ્હીમાં એક ઊંચો મીનારો બાંધ્યો, જેને 'કુટબ મીનાર' કહેછે, ને જે હજુ સારી હાલતમાં જોવામાં આવેછે. એના વંશના રાજાઓમાં અલ્તમશ અને ગ્યાસુદ્દીન બલબન હુશિયાર અને બળવાન રાજા થઇ ગયા. રજીઆ બેગમ પણ ભણેલી અને રાજ કારભારમાં ઘણી કુશળ હતી, પણ એની દરબારના એક ગુલામપર અતીશય મેહેરબાની દેખાડવાને લીધે એના તુરકી સરદારોએ એને મારી નાખી. મુસલમાની રાજ્યમાં એજ એકલી સ્ત્રી ગાદીએ આવી હતી. નાસરૂદ્દીન મહમદ ઘણો સદગુણી રાજા હતો, પણ તે રાજ કારભારપર કંઇ ધ્યાન આપતો નહીં અને કોરાન લખ્યા કરતો. બાકીના બાદશાહ નબળા અને નઠારી ચાલના હતા, તેથી તેઓ લાંબો વખત રાજ કરી શક્યા નહીં. એ વંશના અમલમાં મુખ્ય બનાવો સુબાઓના બંડ, મોગલોની ચઢાઇ, અને રજપુત રાજાઓના હુલડ હતાં. અલ્તમશના વખતમાં જંગીસખાંની સરદારી હેઠળ મોગલો હિંદુસ્તાન પર ચઢી આવ્યા (૧૨૧૭),ને સિંધુ

નદી સુધી લુટફાટ કરી પાછા ફર્યા. અલ્તમશે બંગાલા, બહાર, અને સિંધ પ્રાંતના હાકમોને હરાવીને તે પ્રાંત તાબે કર્યા, રજપુતોને નરમ પાડયા, ને આખાં ઉત્તર હિંદુસ્તાનમાં પોતાનો અમલ બેસાડયો. ગ્યાસુદ્દીન બલબને પણ રજપુતોના હુલડ બેસાડી દીધાં, બંગાલાના હાકેમ તોગ્રલે ઉઠાવેલું હુલડ દાબી દીધું, ને મોગલોને હઠાવ્યા. એ વંશના છેલ્લા બાદશાહ કૈકુબાદને મારી નાખીને જલાલુદ્દીન ખીલજીએ ૧૨૯૦માં ખીલજી વંશનું રાજ્ય સ્થાપ્યું.

ખીલજી વંશના રાજા—(૧૨૯૦–૧૩૨૦).

૧. જલાલુદ્દીન	૧૨૯૦–૧૨૯૫.	એના ભત્રીજા અલાઉદ્દીને દગાથી મારી નખાવ્યો.
૨. અલાઉદ્દીન	૧૨૯૫-૧૩૧૫.	કાકાને અને તેના છોકરાઓને મારીને ગાદીએ બેઠો.
૩. શાહાબુદ્દીન ઉમર.	૧૩૧૫-૧૩૧૬.	અલાઉદ્દીનનો નાનો છોકરો; એનો મોટો ભાઇ મુબારક એને આંધળો કરી ગાદીએ બેઠો.
૪. મુબારક	૧૩૧૬–૧૩૨૦.	અલાઉદ્દીનનો છોકરો; એના વજીર ખુશરૂએ એને મારી નાખ્યો.

ખીલજી વંશના રાજયના મુખ્ય બનાવ—ખીલજી વંશના અમલમાં પેહેલ વેહેલા મુસલમાનો દખણમાં પેઠા. જલાલુદ્દીનનો ભત્રીજો અલાઉદ્દીન જે અયોધ્યાનો સુબો હતો, તેણે દખણમાં સવારી કરી, અને મહારાષ્ટ્રના રાજા રામદેવની રાજધાનીનુ શેહેર દેવગિરિ (હાલનુ દૌલતાબાદ) લઈ લીધું; અને રાજા કનેથી ઇલીચપુર અને પુષ્કળ ધન લઇને પાછો ફર્યો. એનો કાકો એને સામો ભેટવા આવ્યો

પણ તેને દગાથી મારી નાખીને એ ગાદીએ બેઠો. અલાઉદ્દીને ૧૨૯૭ માં ગુજરાત તાબે કર્યું, અને તેની રાજધાની અણહીલવાડનો નાશ કરી, ત્યાંના રાજા કરણની રાણી કમલા દેવીને પકડી લાવીને તેની સાથે લગ્ન કર્યું. આ રાણીની છોકરી દીવાલીદેવી પણ પાછળથી પકડાઈ, તેને અલાઉદ્દીને પોતાના છોકરા ખીજરખાં સાથે પરણાવી. ૧૩૦૩ માં ચીતોડ લઇને એણે રજપુતોને વશ કર્યા. મોગલોના કેટલાક હુમલા એણે પાછા વાળ્યા; અને એના માનીતા સરદાર મલેક કાફુરે દખણમાં ચાર સવારી કરી કોમોરિન ભૂશિર સુધીનો આખો દક્ષિણ દેશ અલાઉદ્દીનને તાબે કીધો. અલાઉદ્દીનના મરણ પછી કાફુરે તેના વડા છોકરા ખીજરખાંની આંખ ફોડી નાખી, અને નાના છોકરા શાહાબુદ્દીન ઉમરને ગાદીએ બેસાડયો. કાફુરને થોડા વખતમાં લશકરે મારી નાખ્યો; અને અલાઉદ્દીનનો બીજો છોકરો મુબારક ખીજરખાંને મારી નાખીને અને ઉમરને કેદ કરીને ગાદીએ બેઠો. ૧૩૨૦ માં ખુશરૂ નામનો એક નીચ જાતનો હિંદુ જે મુસલમાન થયો હતો અને મુબારકનો વજીર હતો, તે મુબારકને મારીને દીલ્હીનો બાદશાહ થયો, પણ થોડા મહીનામાં ગાજીબેગ તઘલખે તેને મારી નાખ્યો, અને દીલ્હીમાં તઘલખ વંશનું રાજ્ય સ્થાપ્યું (૧૩૨૦).

તઘલખ વંશના રાજા—(૧૩૨૦–૧૪૧૨).

૧ ગ્યાસુદ્દીન તઘલખ. ૧૩૨૦–૧૩૨૫. એના છોકરા મહમદે દગાથી ઉભો કીધેલો એક ડેરો પડવાથી એ મરણ પામ્યો.

૨. મહમદ તઘલખ....૧૩૨૫–૧૩૫૧. ગ્યાસુદ્દીનનો છોકરો.

૩. ફીરોજશાહ..........૧૩૫૧–૧૩૮૮. મહમદ તઘલખનો ભત્રીજો.

૪. ગ્યાસુદ્દીન બીજો....૧૩૮૮-૧૩૮૯. ફીરોજશાનો પૌત્ર ; એની સામે બંડ ઉઠયું તેમાં એ માર્યો ગયો.

૫. અબુબકર ....૧૩૮૯. ફીરોજશાનો પૌત્ર ; એને એનો કાકો નાસરૂદીન મહમદ મારીને ગાદીએ બેઠો.

૬. નાસરૂદીન મહમદ. ૧૩૮૯-૧૩૯૨. ફીરોજશાહનો છોકરો ; ત્રણ વર્ષ રાજ કરી મરણ પામ્યો.

૭. સીકંદર ....૧૩૯૨. નાસરૂદીનનો છોકરો; ૪૫ દીવસ રાજ કરી મરણ પામ્યો.

૮. મહમદ બીજો. ... ૧૩૯૨-૧૪૧૨ ફીરોજશાહનો પૌત્ર.

તઘલખ વંશના રાજયના મુખ્ય બનાવ—ખુશરૂના મરણ પછી ઉમરાવોએ ગાજીબેગ તઘલખને દીલ્હીની ગાદી આપી, જે તેણે આનાકાનીથી કબુલ કરી અને ગ્યાસુદીન નામ ધારણ કીધું. ગ્યાસુદીને દીલ્હીથી ચાર મૈલ દુર રાજધાની કરીને તેનુ નામ તઘલખાબાદ આપ્યું. બંગાલાના સુબાને તાબે કરીને એ ૧૩૨૫માં દીલ્હી પાછો ફર્યો, ત્યારે એના છોકરા મહમદે એને આવકાર દેવાને માટે દગાથી ઉભા કીધેલા ડેરામાંથી બહાર નીકળતાં એનાપર ડેરો તુટી પડયો, અને એ મરણ પામ્યો. મહમદ એક ભણેલો અને બાહાદુર રાજા હતો, પણ એના જંગલી અને ક્રુર સ્વભાવને લીધે એના રાજમાં રૈયત ઘણી દુ:ખી થઇ. એનાં કેટલાંક કામ એક ઘેલા માણસના જેવાં હતાં. પોતાની રાજધાની દખણના દૌલતાબાદ શેહેરમાં કરીને દીલ્હીના લોકને ત્યાં જઇ વસવાની એણે જોર જુલમથી ફરજ પાડી. એણે ચીન જીતવા માટે એક લાખ માણસની ફોજ મોકલી, જે હિમાલયની

ખીણમાં નાશ પામી. એના વખતમાં હિંદુસ્તાન અને દખણના કેટલાક પ્રાંતોમાં બંડ ઉઠયાં, જે એ બેસાડી શકયો નહીં, ને દીલ્હીનું રાજ તેથી ઘણું નબળું પડયું. ફીરોજશા ઘણો દયાળુ પણ નબળો રાજા હતો. એણે રૈયતના સુખને સારૂં તળાવો, પૂલો, ઇસ્પીતાલો, સરાઇઓ, મસીદો વગેરે બંધાવી, અને જમના અને સતલજ વચ્ચે નેહેર ખોદીને ખેડુતોને સગવડ કરી. પણ એના અમલમાં બંગાલાનો પ્રાંત અને દખણના રાજ્યો સ્વતંત્ર થયાં. ફીરોજશા પછી થનારા રાજા પણ સઘળા નબળા હતા; તેનો લાભ લઇને મહમદ બીજાના અમલમાં મોગલ સરદાર તૈમુરે દીલ્હી લીધું, ને ત્યાં પાંચ દીવસ સુધી લુટ ચલાવી (૧૩૯૮). તૈમુર હજારો માણસોને કતલ કરીને અને કેટલાંક શેહેર ઉજડ કરીને હિંદુસ્તાન છોડી ગયો, ત્યારે મહમદશાહ જે ગુજરાતમાં નાશી ગયો હતો, તે પાછો દીલ્હીમાં આવ્યો, ને ૧૪૧૨ સુધી રાજ કરી મરણ પ્રામ્યો. એની સાથે તઘલખ વંશનો અંત આવ્યો. એના મરણ પછી ઉમરાવોએ દૌલતખાં લોદીને ગાદી આપી, જેણે બાદશાહનુ નામ ધારણ કીધા વગર બે વર્ષ રાજ કીધું, તેટલામાં તૈમુરે નીમેલા મુલતાનના હાકેમ સૈયદ ખીજરખાંએ દીલ્હીનો કબજો લીધો, ને સૈયદ વંશનું રાજ્ય સ્થાપ્યું.

સૈયદ વંશના રાજા—(૧૪૧૪-૧૪૫૦).

૧. ખીજરખાં .... ૧૪૧૪-૧૪૨૧.

૨. મુબારક........ ૧૪૨૧-૧૪૩૩. ખીજરખાંનો છોકરો; એના વજીરે એને મારી નખાવ્યો.

૩. મહમદ .... ૧૪૩૩-૧૪૪૩. મુબારકનો ભત્રીજો.

૪. આલમ .... ૧૪૪૩-૧૪૫૦. મહમદનો છોકરો; બહલોલખાં લોદીએ એને ગાદીએથી ઉઠાડી મુકયો.

લોદી વંશના રાજા—(૧૪૫૦–૧૫૨૬).

૧. બહલોલખાં લોદી....૧૪૫૦–૧૪૮૮.

૨. સીકંદર લોદી.......૧૪૮૮–૧૫૧૭. બહલોલખાંનો છોકરો.

૩. ઈબ્રાહીમ લોદી......૧૫૧૭–૧૫૨૬. સીકંદરનો છોકરો; બાબર એને પાનીપતની લડાઇમાં હરાવીને ગાદીએ બેઠો.

સૈયદ અને લોદી વંશના રાજ્યના મુખ્ય બનાવ—સૈયદ વંશના સઘળા રાજા આળસુ અને નઠારી ચાલના હતા, અને તેઓના વખતમાં કેટલાક પ્રાંત દીલ્હીની ગાદીથી છુટા પડીને સ્વતંત્ર થયા. લોદી વંશના પહેલા બે બાદશાહ બહલોલખાં અને સીકંદર બાહાદુર હતા, અને તેઓએ છુટા પડેલા પ્રાંતોને તાબે કરીને પોતાનો અમલ પંજાબથી બંગાલા સુધી પાછો બેસાડયો. બહલોલખાં લોદીએ ૨૬ વર્ષ સુધી લડીને આખરે જૈનપુર તાબે કીધું. સીકંદરે હિંદુઓના ઘણા દેવળો ભાંગી નાખ્યાં અને તેમને ઘણું દુઃખ દીધું. એણે વળી પોતાની રાજધાની આગ્રામાં કરી. ઈબ્રાહીમ લોદી ઘણો નિર્દય અને અભીમાની રાજા હતો, તેથી ઉમરાવો એનાથી નારાજ થયા; અને પંજાબના હાકેમ દૌલતખાં લોદીએ ઇબ્રાહીમની સામે બંડ ઉઠાવ્યું, ને કાબુલના બાદશાહ બાબરને પોતાની મદદે બોલાવ્યો. બાબરે ૧૫૨૬ માં ઇબ્રાહીમને પાનીપતની લડાઇમાં હરાવ્યો, અને લોદી વંશના રાજ્યનો અંત આણીને તે દીલ્હીની ગાદીએ બેઠો.

પ્રકરણ ૪ થું.

હિંદુસ્તાનના બીજાં સ્વતંત્ર રાજયો.

શાહબુદીન ઘોરી અને કુટબુદીને હિંદુસ્તાનમાં મુસલમાની અમલ પાકો બેસાડયો તે વખતથી ૧૫૨૬ સુધી હિંદુસ્તાન અને દખણમાં ઘણાં સ્વતંત્ર રાજ્ય થયાં હતાં, જેમાંના કેટલાંક થોડો વખત સુધી દીલ્હીની ગાદીને તાબે રેહેતાં, ને નબળા રાજાઓના અમલમાં પાછાં સ્વતંત્ર થતાં. આ માહેલાં મુખ્ય રાજ્યો નર્મદાની ઉત્તરે બંગાલા, જૌનપુર, ગુજરાત, માલવા, અને મેવાડના રાજયો હતાં; અને દખણમાં મદુરા અને વીજય નગરના હિંદુ રાજ્યો હતાં, તથા બ્રાહ્મણી વંશનું બળવાન મુસલમાની રાજય હતું. આ પાછલાં રાજ્યના ૧૪૮૪ થી ૧૫૨૫ સુધીમાં પાંચ ભાગ થઇ બીજાપુર, ગોલકોન્ડા, અહમદનગર, બીરાર, અને બીદરના છુટાં રાજ્યો થયાં.

(૧) **બંગાલા** પ્રાંત મહમદ ઘોરીના સરદાર બખત્યાર ખીલજીએ ૧૨૦૩ માં સેન કુલના હિંદુ રાજા કનેથી લઇ લીધો, અને તે ત્યાં રાજ કરવા લાગ્યો. ૧૨૨૭ માં અલ્તમશે એ પ્રાંત દીલ્હીના રાજ્ય સાથે જોડી દીધો, ને પોતાના છોકરાને ત્યાંનો સુબો કર્યો. ગ્યાસુદીન બલબનના વખતમાં ત્યાંનો હાકેમ તોગ્રલ સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યો, પણ બલબને તેને હરાવી પોતાના છોકરા બગરાખાનને ત્યાંનો સુબો ઠરાવ્યો. ૧૩૪૦ સુધી એ પ્રાંત દીલ્હીની ગાદીને તાબે રહયો, ને ૧૩૫૩ માં ફીરોજશાને એ પ્રાંતને સ્વતંત્ર કબુલ રાખવાની ફરજ પડી. અકબરે ૧૫૭૬ માં એને પાછો દીલ્હીના રાજય સાથે જોડી નાખ્યો ત્યાં સુધી એ પ્રાંત ઘણોખરો સ્વતંત્ર રહયો.

(૨) **જૌનપુરનો** હાકેમ ખ્વાજાજાહાં જે પેહેલાં મહમદશા તઘ-

લખનો વજીર હતો તેણે ૧૩૯૩ માં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. સૈયદ વંશના નબળા રાજાઓના અમલમાં એ રાજ્ય ઘણું બળવાન થયું, પણ બહલોલખાં લોદીએ ૨૬ વર્ષ સુધી લડીને એને ૧૪૭૪ માં દીલ્હીની ગાદીને તાબે કીધું.

(૩) **ગુજરાત** પ્રાંત ૧૨૯૭ માં અલાઉદીન ખીલજીએ સર કર્યો, ત્યારથી લગભગ એક સદીસુધી દીલ્હીની ગાદીને તાબે હતો, પણ મહુ-મદશાહ તઘલખના વખતમાં ત્યાંનો હાકેમ ઝાફરખાં મુજફ્ફરશા નામ ધારણ કરીને ૧૩૯૦ થી સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યો. મુજફ્ફરશાના પૌત્ર અહમદશાએ ૧૪૨૦ માં અહમદાબાદ અને અહમદનગર શેહેરો વસાવ્યાં. એ વંશના રાજા બાહાદુરશાએ ૧૫૩૧ માં માલવા પ્રાંત તાબે કીધો. ૧૫૭૩ માં અકબરે એ પ્રાંત દીલ્હીના રાજ્ય સાથે જોડી નાખ્યો ત્યાં સુધી તે સ્વતંત્ર હતો.

(૪) **માલવામાં** દીલાવરખાં નામે એક હાકેમ ૧૪૦૧માં સ્વતંત્ર-પણે રાજ કરવા લાગ્યો. ૧૪૩૫ માં ખીલજી જાતના એક સરદારે માલવાનો કબજો લીધો તે વખતે માલવાનું રાજ્ય ઘણું બળવાન થયું. ૧૫૩૧ માં ગુજરાતના રાજા બાહાદુરશાએ એ પ્રાંત તાબે કર્યો, ને ત્યાર પછી ૧૫૭૨ માં અકબરે એને દીલ્હીના રાજ સાથે જોડી નાખ્યો.

(૫) **મેવાડનું** રાજ્ય ગુજરાતના વલ્લભી વંશના રજપુત રાજા-ઓએ સ્થાપ્યું હતું. તઘલખ વંશના નબળા રાજાઓના અમલમાં એ ઘણું બળવાન થયું. પણ ૧૫૬૭ માં અકબરે એ તાબે કીધું. હાલ એ વંશનો રાજા ઉદેપુરમાં રાજ કરેછે.

(૬) **મદુરામાં** પાંડવ વંશનું રાજ્ય જે ઇસવી સનની પુર્વે ચોથી સદીમાં સ્થાપવામાં આવ્યું હતું, તે ૧૩૦૪માં મલેક કાફુરને તાબે

થયું હતું. એ વંશના રાજાઓએ મદુરામાં છેક ઈસવી સનની અઢારમી સદી સુધી રાજ કર્યું.

(૭) **વીજયનગરનુ** બળવાન હિંદુ રાજ્ય ૧૧૧૮ માં સ્થાપવામાં આવ્યું હતું. એ રાજ્યનુ મુખ્ય શેહેર તુંગભદ્રા નદીને કાંઠે બેલારી શેહેર પાસે હતું. ત્રણ સદી સુધી એ રાજ દખણમાં ઘણું બળવાન ગણાયું. ૧૫૬૫ માં દખણના સઘળા મુસલમાન રાજાઓએ સાથે મળીને એ રાજ્યપર હુમલો કર્યો, અને ત્યાંના રામ રાજાને તલીકોટની લડાઇમાં હરાવીને આ હિંદુ રાજ્યનો અંત આણ્યો.

(૮) **દખણનું બ્રાહ્મણી વંશનું મુસલમાની રાજય.**—મલેક કાફુરે દખણમાં મુસલમાની અમલ દાખલ કીધા પછી ૧૩૪૭ માં જાફરખાં નામનો એક અફઘાન સરદાર, જે પેહેલાં ગંગો નામે એક બ્રાહ્મણનો ગુલામ હતો, તેણે દીલ્હીની ગાદીથી સ્વતંત્ર થઇને ગુલબર્ગામાં બ્રાહ્મણી વંશનું રાજ્ય સ્થાપ્યું, અને અલાઉદ્દીન હસન ગંગો નામ ધારણ કરી તે રાજ કરવા લાગ્યો. આ રાજ્યના મુખ્ય શેહેરો જુદે જુદે વખતે ગુલબર્ગા, વરંગુળ, અને બીદર હતાં. એ રાજ્ય ૧૫૨૫ સુધી ટકી રહ્યું. ૧૪૮૪ અને ૧૫૨૫ ની વચ્ચે એના કકડા થઇને નીચલાં પાંચ છુટાં મુસલમાની રાજ્યો થયાં, જે પાછળથી મુગળ બાદશાહોએ દીલ્હીની ગાદીને તાબે કીધાં:—

બીજાપુરમાં આદીલશાહી વંશનું રાજ્ય ૧૪૮૯માં થયું.

ગોલકોંડામાં કુટુબશાહી વશનું રાજ્ય ૧૫૧૨ માં થયું.

અહમદનગરમાં નીજામશાહી વંશનું રાજ્ય ૧૪૯૦ માં થયું.

બીરારનું ઈમાદશાહી રાજ્ય ૧૪૮૪ માં થયું.

બીદરમાં બરીદશાહી વંશનું રાજ્ય ૧૪૯૨ અને ૧૪૯૮ ની વચ્ચે થયું.

પ્રકરણ ૫ મું.

મુગલ વંશ—મરેઠી રાજ્યની ઉત્પત્તિ—૧૫૨૬-૧૭૦૭.

૧. બાબર.......૧૫૨૬-૧૫૩૦

૨. હુમાયુ.........૧૫૩૦-૧૫૫૬ (૧૫૪૦ થી ૧૫૫૫ સુધી દીલ્હીની ગાદીપર અફગાન વંશના રાજા હતા).

૩. અકબર.......૧૫૫૬-૧૬૦૫

૪. જાહાંગીર ૧૬૦૫-૧૬૨૭

૫. શાહજાહાં ૧૬૨૭-૧૬૫૮

૬. ઔરંગજેબ..૧૬૫૮-૧૭૦૭

૧૫૨૬. પાનીપતની પેહેલી લડાઇ.

૧૫૨૭. ફતેહપુર સીકરીની લડાઇ.

૧૫૪૦. કનોજની લડાઇ.

૧૫૫૬. પાનીપતની બીજી લડાઇ.

૧૫૭૩. અકબરે ગુજરાત ખાલસા કર્યું.

૧૬૦૧. અકબરે ખાનદેશ ખાલસા કર્યું

૧૬૧૫. અંગ્રેજી એલચી સર તોમસ રો જાહાંગીરની દરબારમાં આવ્યો.

૧૬૩૭. શાહજાહાંએ અહમદનગરનો મુલક ખાલસા કર્યો.

૧૬૫૮. ઔરંગજેબે શાહજાહાંને ગાદીએથી ઉઠાડી મુકયો.

૧૬૬૬. શાહજાહાં મરણ પામ્યો.

૧૬૭૪. શીવાજીએ માહારાજાનો ખેતાબ ધારણ કીધો.

૧૬૮૦. શીવાજી મરણ પામ્યો.

૧૬૮૩. ઔરંગજેબે દખણપર સવારી કરી.

૧૬૮૬. ઔરંગજેબે બીજાપુર ખાલસા કર્યું.

૧૬૮૭. ઔરંગજેબે ગોલકોન્ડા ખાલસા કર્યું.

૧૬૮૯. ઔરંગજેબે સંભાજીને પકડીને મારી નાખ્યો.

બાબર—૧૫૨૬-૧૫૩૦.

બાબર જે તૈમુરની ઓલાદનો છઠો પુરૂષ હતો તે ૧૪૮૨ માં જનમ્યો હતો, અને બાર વર્ષની ઉમરે 'જેકસાર્તીસ' નદીને કાંઠે આવેલા 'ફરધાન' નામના તેના બાપીકા મુલકનો રાજા થયો (૧૪૯૪). સમરકંદ શેહેર ત્રણ વખત તેણે હાથ કર્યું, અને ત્રણ વખત ખોયું; અને આખરે પોતાનો ફરધાન પ્રાંત પણ ખોયા પછી એણે ૧૫૦૪ માં કાબુલનો કબજો લીધો, અને ત્યાં રાજ કરવા લાગો. ૧૫૨૬ માં પંજાબના હાકેમ દૌલતખાં લોદીના બોલાવ્યાથી એ હિંદુસ્તાનપર ચઢી આવ્યો, અને ઇબ્રાહીમ લોદીને પાનીપતના રણમાં હરાવીને દીલ્હીનો બાદશાહ થયો. એ વખતે એના હાથમાં માત્ર દીલ્હી ને આગ્રા શેહેરો અને આસપાસનો થોડો મુલક આવ્યો. રજપુતો મેવાડના રાજા સંગની સરદારી હેઠળ એની સામા થયા, પણ આગ્રા પાસે ફતેહપુર સીકરીના રણમાં તેમને એણે હરાવી નરમ પાડયા (૧૫૨૭). એણે ૧૫૨૮ માં રજપુત રાજા મેદનીરાયનો ચંદેરીનો કિલ્લો હુમલો કરી લીધો, જ્યારે રજપુતો બૈરાં છોકરાંને મારી નાખીને સઘળાં મુઆ ત્યાં સુધી બાહાદુરીથી લડયા. એ રીતે મુલતાન સુધીનો મુલક એને તાબે થયો, અને ત્યારપછી એણે અયોધ્યા અને બાહાર પ્રાંતો સર કર્યા. બાબર ૧૫૩૦ માં આગ્રા શેહેરમાં મરણ પામ્યો. એની મરજી મુજબ એને કાબુલમાં દાટવામાં આવ્યો. બાબરમાં વખાણવા જોગ હિમત, ધીરજ, અને ખંતીપણું હતું, પણ તેના દુશમનો તરફ એ ઘણો ક્રુર હતો. એને ફુલ અને દારૂનો ઘણો શોખ હતો. મુસાફરોના સુખને સારૂ એણે તળાવો, રસ્તા અને ધર્મશાળા બંધાવી હતી. એણે પોતાનું જન્મચરીત્ર ઘણા ભોળાપણાથી પોતાને હાથે લખ્યું હતું. એના ચાર છોકરા હતાઃ—હુમાયુ, કામરાન, હીંદાલ, અને મીરજાં અસ્કરી.

હુમાયુ—૧૫૩૦-૧૫૪૦ અને ૧૫૫૫-૧૫૫૬.

હુમાયુ બાબરનો વડો છોકરો હતો, અને ૧૫૦૭ માં જનમ્યો હતો. એનો સ્વભાવ એટલો તો ઉદાર હતો કે ગાદીપર આવતાંજ એણે પોતાનુ રાજ્ય ભાઇઓ સાથે વેંહેંચી લીધું ને તેમને સારા સારા મુલકો આપ્યા. ૧૫૩૫ માં એણે ગુજરાતના બળવાન બાદશાહ બાહાદુરશાહને હરાવીને તેનો ચાંપાનેરનો મજબુત કિલ્લો લઇ લીધો; પણ તેટલાં બંગાલા અને બહાર પ્રાંતના હાકેમ શેરખાંએ હિંદુસ્તાનમાં હુમાયુ સામે બંડ ઉઠાવ્યું, તેથી હુમાયુને ગુજરાતથી પાછું ફરવું પડયું, ને બાહાદુરશાહે પોતાના ખોયલા મુલકો પાછા હાથ લીધા. હુમાયુ હિંદુસ્તાનમાં આવ્યો, અને શેરખાં બંગાલામાં રોકાયલો હતો તેવામાં તેનો ચુનાર ગઢ લઈ લીધો, ને તેની પાછળ બંગાલે ગયો; પણ વરસાદને લીધે હુમાયુ પત્ના અને કાશી વચ્ચે મુકામ કરી પડયો હતો, ત્યારે શેરખાંએ તેની છાવણી ઉપર છાપો માર્યો. હુમાયુ મુશકેલીથી દુશમનના હાથમાં જતો બચ્યો ને આગ્રે નાશી આવ્યો, પણ એની રાણી જે પકડાઇ ગઇ, તેને શેરખાંએ માન સહિત આંગ્રે પોંહોચાડી. ભાઇઓની મદદ મેળવીને હુમાયુએ શેરખાંપર પાછો હુમલો કર્યો, પણ કનોજની લડાઇમાં શેરખાંએ તેને હરાવ્યો (૧૫૪૦). હુમાયુ નાશીને લાહોર ગયો, અને સિંધ પ્રાંતમાં રખડીને મારવાડમાં આવ્યો; ત્યાં પણ એને મદદ મળી શકી નહીં, તેથી રેતીના રણને રસ્તે અમરકોટ ગયો, જ્યાં અકબરનો જન્મ થયો (૧૫૪૩). આખરે ભાઇઓ પણ એને તજી ગયા તેથી ૧૫૪૪ માં રખડતો ઇરાનના રાજા 'તમસ્પ' ની દરબારમાં આવી રહ્યો. (એ વખતમાં શેરખાં શીરશાહ નામ ધારણ કરીને દીલ્હીની ગાદીએ બેઠો હતો, અને એના વંશે દીલ્હીમાં ૧૫૫૫ સુધી રાજ કર્યું). ઇરાનના બાદશાહે હુમાયુ પાસેથી સુની પંથ છોડીને શીહા પંથ પાળવાની

કબુલાત લઇને ૧૪૦૦૦ ઘોડે સ્વારોની તેને મદદ આપી, જેથી હુમાયુએ ભાઇઓ કનેથી કાબુલ અને કંદહાર જીતી લીધાં (૧૫૪૭). ચારે ભાઇ વચ્ચે ૧૫૪૮ માં સલાહ થઇ, પણ કામરાને પાછું બંડ ઉઠાવ્યું, તેથી કંટાળીને ૧૫૫૩ માં હુમાયુએ તેની આંખો ફોડી નખાવી. ૧૫૫૫ માં હુમાયુ દીલ્હીની ગાદી પાછી મેળવવામાં ફતેહ પામ્યો ; પણ ૧૫૫૬ માં મેહેલની સીડીપરથી તેનો પગ લપસી જવાથી તે નીચે પડીને મરણ પામ્યો.

અફઘાન અથવા સુર વંશ (૧૫૪૦–૧૫૫૫).

૧. શીરશાહ ૧૫૪૦–૧૫૪૫
૨. સલીમશાહ...............૧૫૪૫–૧૫૫૩
૩. મહમદ આદીલશાહ...૧૫૫૩–૧૫૫૫

શીરશાહ કનોજની લડાઇમાં હુમાયુને હરાવીને ૧૫૪૦ માં દીલ્હીની ગાદીએ બેઠો. એ ઘણો ડાહ્યો અને ઉદાર દીલનો બાદશાહ હતો, અને રાજ્ય કારભારમાં કુશળ હતો. એણે મારવાડના રાજાને હરાવીને ચીતોડ લઇ લીધું ; અને ૧૫૪૫ માં બુંદેલખંડમાં કલીન્જરના કિલ્લાને ઘેરો ઘાલતાં એ મરણ પામ્યો. રસ્તા અને મુસાફરખાના બાંધીને એણે લોકને સુખ કર્યું હતું.

શીરશાહ પછી એનો નાનો છોકરો સલીમશાહ ગાદીએ બેઠો, જેણે ૧૫૫૩ સુધી હુશીઆરીથી રાજ કર્યું. એના પછી એના છોકરા ફીરોજને મારી નાખીને શીરશાહનો વડો છોકરો મહમદ આદીલશાહ ગાદીએ બેઠો. એ ઘણો નબળો રાજા હતો, અને હેમુ નામના એક નીચ વર્ણના હિંદુને એણે રાજ્ય કારભાર સોંપ્યો હતો. એના રાજમાં ઘણા બખેડા થયા, જેથી રાજ્યના પાંચ ભાગ થયા, ને પાંચ બાદશાહ રાજ કરવા લાગ્યા. સીકંદર સુર નામના શીરશાહના એક ભત્રીજાના હાથમાંથી હુમાયુએ ૧૫૫૫ માં દીલ્હી પાછું મેળવ્યું.

અકબર–૧૫૫૬–૧૬૦૫.

અકબર જે મુગલ વંશનો સર્વથી મોટો બાદશાહ થઇ ગયો, તે એના બાપ હુમાયુ પછી ૧૫૫૬ માં દીલ્હીની ગાદીએ બેઠો. એની ઉમર એ વખતે માત્ર ૧૩ વર્ષની હતી, તેથી રાજ્ય કારભાર એના બાપનો વજીર બેહરામ ચલાવવા લાગ્યો. બેહરામે હુમાયુના મરણ પછી તરતજ મહમદ આદીલશાહના વજીર હેમુને પાનીપતના રણમાં હરાવી મારી નાખ્યો (૧૫૫૬), અને સુર વંશના શાહજાદાઓના બંડ બેસાડી દીધાં. બેહરામની સખત રાજનીતિ ઉમરાવોને પસંદ પડી નહીં તેથી તે થોડા વખતમાં અળખામણો થઇ પડયો, ને ઉમરાવોના સમજાવ્યાથી અકબરે ૧૫૬૦ માં રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. બેહરામ અકબરની સામો થયો, પણ તેનું કાંઇ ફાવ્યું નહીં ત્યારે તાબે થયો, ને અકબરે તેને માફી બખશી. મક્કે જતાં રસ્તામાં બેહરામને કોઇ અફઘાને મારી નાખ્યો.

અકબરના હાથમાં રાજ્ય કારભાર આવ્યા પછી તેના કેટલાક મોટા સરદારો તેની સામા થયા, જેઓ સાથે કેટલાંક વર્ષ સુધી અકબરને લડવું પડયું; પણ આખરે ૧૫૬૭ માં તેઓને તાબે કરવામાં તે ફતેહ પામ્યો. ત્યાર પછી ૧૫૬૭ થી ૧૫૭૨ સુધી અકબર રજપુતો સામે લડયો, અને જેપુર, જોધપુર, અને ચીતોડના રાજાઓને તાબે કીધા.

રજપુતોને તાબે કીધા પછી ૧૫૭૩ માં એણે ગુજરાત પ્રાંત સર કર્યો, અને ૧૫૭૬ માં બાહાર, બંગાલા, અને ઓરીસા પ્રાંતો દીલ્હીના રાજ્ય સાથે જોડી દીધા. ૧૫૮૬ માં કાશ્મીર, ૧૫૯૨ માં સિંધ પ્રાંત, અને ૧૫૯૪ માં કંદહાર જીતી લઇને ઉત્તરે કાબુલ અને કાશ્મીરથી તે દક્ષિણે નર્મદા નદી સુધીનો દેશ અકબરે તાબે કર્યો.

૧૫૯૫ માં અકબરે પોતાના છોકરા મુરાદને અને બેહેરામના છોકરા મીરજાખાંને દખણમાં અહમદનગર શેહેર જીતવા મોકલ્યા, પણ ત્યાંની રાણી ચાંદબીબીએ એવી તો બાહાદુરીથી અહમદનગરનો બચાવ કીધો કે મુગલોને પાછું હઠવું પડ્યું. ચાંદબીબીને પાછળથી તેના સીપાઇઓએ મારી નાખી, ત્યાર પછી ૧૫૯૯ માં અકબરે પોતે દખણમાં જઇને અહમદનગર શેહેર લીધું; અને ૧૬૦૧ માં ખાનદેશ પ્રાંત ખાલસા કરીને પાછો હિંદુસ્તાન ફર્યો. ૧૬૦૫ માં ૪૯ વર્ષ રાજ કરીને અને પોતાની ગાદી પોતાના છોકરા સલીમને આપવાની મરજી જણાવી ને આ ભલો બાદશાહ મરણ પામ્યો. એની સુંદર કબર આગ્રાથી સાત મૈલ દુર સીકંદ્રા ગામમાં જોવામાં આવેછે. અકબર ઘણો ડાહ્યો, ભણેલો, અને બાહાદુર બાદશાહ હતો. એણે મુગલ રાજ્યને ઘણું બળવાન કર્યું, અને એના રાજમાં રૈયત સુખી હતી.

અકબર શરીરે મજબુત અને રૂપાળો હતો અને ખાવાપીવામાં મિતાહારી હતો. નીમેલા વખતે તે સરકારી કામ કરતો, ને વિદ્યાભ્યાસને ઉત્તેજન આપી તેની પાછળ પોતે પણ મંડતો. મુસલમાની ધર્મ ઉપર એને પુરતું આકીન હતું નહીં, તેથી એણે હિંદુ, ખીસ્તી વગેરે બીજા ધર્મનો અભ્યાસ કરીને એક નવો પંથ સ્થાપ્યો હતો. એ નવા પંથમાં એની સાથે એના મીત્રો ફૈજી અને અબલફાજલ નામના બે ભાઇઓ હતા, જેઓ ઘણા વિદ્વાન હતા, અને જેમાંના એક અબલ ફાજલે આઇને અકબરી નામના ગ્રંથમાં અકબરનું જન્મ ચરીત્ર અને તેના રાજનું વર્ણન લખ્યું છે.

અકબરે હિંદુ અને મુસલમાનોને સરખા ગણવાની મતલબથી હિંદુઓપરનો જજીઆવેરો કાઢી નાખ્યો, અને કાંઇ પણ તફાવત વગર મુસલમાનો સાથે હિંદુઓને પણ મોટા ઓદ્ધા આપ્યા. જોધપુર અને

જેપુરના રજપુત રાજાની છોકરીઓ સાથે એ પરણ્યો, અને રજપુત સરદારોને પ્રાંતોના હાકેમ અને લશકરના ઉપરીઓના ઓદ્ધા આપ્યા. આ રજપુત સરદારોમાં જેપુરનો રાજા ભગવાનદાસ પંજાબનો હાકેમ હતો, અને ભગવાનદાસનો છોકરો રાજા માનસીંગ બંગાલાનો હાકેમ હતો. ત્રીજો રજપુત રાજા તોદરમલ અકબરના મેહેસુલખાતાંનો ઉપરી હતો, જેની મેહેસુલ જમા કરવાની રીતની હાલપણ તારીફ થાયછે.

અકબર ધર્મની બાબદમાં કોઇપર જુલમ કરતો નહી; તોપણ હિંદુઓમાં બાળ લગન કરવાની તેણે મના કરી, અને વીધવાઓને પુનર્વિવાહ કરવાની છુટ આપી. એણે વળી સતીનો ચાલ બંધ પાડવાને કોશેશ કરી, પણ તેમાં એ પૂરો ફાવી શકયો નહીં.

અકબરે પોતાની રાજધાની દીલ્હીથી ખસેડીને આગ્રામાં કરી, અને આગ્રાનો કિલ્લો બાંધ્યો. વળી આગ્રાથી ૨૪ મૈલ દુર ફતેહપુર સીકરીમાં થોડો વખત એણે રાજધાની કરી હતી.

જાહાંગીર–૧૬૦૫–૧૬૨૭.

સલીમ જાહાંગીર નામ ધારણ કરીને ૧૬૦૫ માં અકબર પછી ગાદીએ બેઠો. એ મુસલમાની ધર્મ પ્રમાણે ચાલતો, પણ દારૂ ખુબ પીતો. બાપના કારભારીઓને કાયમ રાખીને એણે રાજ્યનો વહીવટ ચલાવ્યો, અને ઇનસાફ માગવા આવનારને કશી અડચણ ન પડે એવી ગોઠવણ કરી. એનો વડો છોકરો ખુશરૂ ગાદી મેળવવાને માટે બાપની સામો થયો, પણ તે હાર્યો ને કેદ પકડાયો; અને તે ૧૬૨૧ માં મરણ પામ્યો ત્યાંસુધી જાહાંગીરે તેને કેદ રાખ્યો.

નુરજાહાં—આ ખબરદાર અને ખુબસુરત બેગમ એક ગરીબ

હાલતમાં આવી પડેલા ઇરાની ઉમરાવની બેટી હતી, અને અકબરના વખતમાં પોતાના બાપ અને ભાઇ સાથે હિંદુસ્તાનમાં આવી હતી. દીલ્હી આવ્યા પછી નુરજાહાં પોતાની મા સાથે અકબરના જનાનખાનામાં આવજાવ કરતી હતી, ત્યાં આ ખુબસુરત છોકરીને જોઇને સલીમ તેની સાથે પ્યારમાં પડયો હતો. અકબરે સલીમથી નુરજાહાંને દૂર રાખવાની મતલબથી તેને શેરઅફ્ખાન નામના એક ઇરાની ઉમરાવ સાથે પરણાવી; અને શેરઅફ્ખાનને બર્દવાન પ્રાંતનો હાકેમ નીમીને તેઓને બંગાલે મોકલી દીધાં. ગાદીપર આવ્યા પછી જાહાંગીરે નુરજાહાંથી છુટો થવાને શેરઅફ્ખાનને ફરમાવ્યું, પણ જ્યારે શેરઅફ્ખાને એમ કરવાની ના પાડી, ત્યારે તેને મારી નખાવીને જાહાંગીરે નુરજાહાંને દીલ્હી બોલાવી લીધી. નુરજાહાંએ જાહાંગીર સાથે પરણવાને થોડો વખત સુધી ના પાડી, પણ પાછળથી ૧૬૧૧ માં તેણે વિચાર ફેરવ્યો અને તેની સાથે પરણી. જાંહાંગીરનાં મરણ સુધી નુરજાહાંએ રાજ વહીવટમાં મુખ્ય ભાગ લીધો. એના બાપને જાહાંગીરે વજીર બનાવ્યો ને એના ભાઇ અસોફ્ખાંને મોટી પદવી આપી.

સર તોમસ રો—૧૬૧૫ માં ઇંગ્લાંડના બાદશાહ પેહેલા જેમ્સ તરફથી સર તોમસ રો નામનો એલચી જાહાંગીરની દરબારમાં આવ્યો. જાહાંગીરે તેને ઘણુ માન આપીને પોતાની દરબારમાં સર્વથી ચઢતો દરજ્જો આપ્યો. વળી આ એલચીના સમજાવવાથી જાહાંગીરે અંગ્રેજ વેપારીઓની ૧૬૦૦ માં ઉભી થયલી 'ઇસ્ટ ઇન્ડયા કંપની' ને વેપારની બાબતમાં કેટલીક સગવડ કરી આપી.

મલીક અંબર—જાહાંગીરના ગાદીપર આવ્યા પછી દખણમાં મલીક અંબર નામના એક હબસી ઉમરાવે અહમદનગરનું રાજ્ય પાછું સ્વતંત્ર કર્યું. તેણે અહમદનગર શેહેર પાંછું જીતી લીધું ને મુગલ સર-

દારોને હરાવ્યા; પણ ૧૬૧૬ માં જાહાંગીરે પોતાના છોકરા શાહજાહાંને દખણમાં તેની સામે મોકલ્યો. શાહજાહાંએ થોડા વખતમાં મલીક અંબરને તાબે કર્યો. ૧૬૨૦ માં મલીક અંબર પાછો મુગલોની સામો થયો, ને જાહાંગીરના સરદારોને હાંકી કાઢયા. જાહાંગીરે પાછો શાહજાહાંને તેની સામો મોકલ્યો, પણ ૧૬૨૧ માં શાહજાહાંએ પોતાના બાપ સામે બંડ ઉઠાવ્યું તેથી મલીક અંબર સાથે સલાહ કરી. મલીક અંબર ૧૬૨૬ માં મરણ પામ્યો ત્યાંસુધી મુગલોને તાબે થયો નહીં.

શાહજાહાંનું બંડ—જાહાંગીરના નાના છોકરા શેહેરીઆરને નુરજાહાંએ પોતાનો જમાઇ કર્યો હતો, તેથી શેહેરીઆરને જાંહાંગીર પછી ગાદી અપાવવાને માટે તે તજવીજ કરવા લાગી; અને તેમાં મદદ કરવાને માટે તેણે કાબુલના સુબેદાર મહોબતખાંનેં દીલ્હી બોલાવ્યો. શાહજાહાંને એ વાત માલમ પડવાથી તેણે દખણમાં બંડ ઉઠાવ્યું (૧૬૨૧). જાહાંગીરે પોતાના છોકરા પરવેજને અને મહોબતખાંને તેની સામા મોકલ્યા, જેઓએ શાહજાહાંને દખણમાંથી નસાડયો. શાહજાહાં બંગાલે આવ્યો, અને થોડા વખતમાં બાપને તાબે થયો.

મહોબતખાંનુ બંડ—મહોબતખાં અને પરવેજને દોસ્તી થઇ હતી, તે જોઇને નુરજાહાંએ મહોબતખાંનો ઘાટ ઘડવાની તજવીજ કરી, અને તેને દરબારમાં બોલાવ્યો. મહોબતખાં નુરજાહાંની મતલબ પામી ગયો, તેથી ૫૦૦૦ રજપુત સ્વારો સહિત દરબારમાં આવ્યો, અને જાહાંગીર જેવો જેલમ નદી ઉતરતો હતો તેવામાં તેને કેદ પકડયો, અને જાહાંગીરને નામે અમલ ચલાવવા લાગ્યો (૧૬૨૬). નુરજાહાંએ જાહાંગીરને છોડવવાને ઘણી કોશેશ કરી, પણ જ્યારે ફાવી નહી ત્યારે પોતે પણ જાહાંગીર સાથે કેદ રહી, અને એક વરસ પછી

જાહાંગીરને છોડવવામાં ફતેહ પામી (૧૬૨૭). મહોબતખાં દખણમાં નાઠો, જ્યાં આ વખતે શાહજાહાંએ પાછું બંડ ઉઠાવ્યું હતું, અને ૧૬૨૬ માં પરવેજ મરણ પામ્યો હતો તેથી તે શાહજાંહાં સાથે મળી ગયો. પણ એટલામાં જાહાંગીર કાશ્મીરથી લાહોર આવતાં રસ્તામાં મરણ પામ્યો.

શાહુજાહાં—(૧૬૨૭-૧૬૫૮).

શાહજાહાં પોતાના બાપ જાહાંગીરના મરણ પછી તરત આગ્રે આવ્યો. શેહેરીઆર તેની સામો થયો, પણ હાર્યો અને માર્યો ગયો; અને શાહજાંહાંએ પોતાના છોકરા સિવાય બાબરના કુળના સઘળા શાહજાદાઓને મારી નાખ્યા. નુરજાહાંના ભાઇ અસોફખાં અને મહોબતખાંની મદદથી એણે ગાદી મેળવી હતી. નુરજાહાંને દરબાર છોડી એકાંતવાસમાં જઇ રેહેવાની એણે ફરજ પાડી. અને તેને મોટું વર્ષાસન આપતું કીધું. નુરજાહાં ૧૬૪૬ માં મરણ પામી.

ખાનજાહાં લોદીનું બંડ—૧૬૨૮ માં દખણના સુબેદાર ખાનજાહાં લોદીએ શાહાજાહાં સામે બંડ ઉઠાવ્યું, પણ તરત તાબે થયો. શાહજાહાંએ ખાનજાહાંની માલવે બદલી કરીને મહોબતખાંને દખણનો સુબેદાર કર્યો. માલવામાં ખાનજાહાંએ પાછું બંડ કર્યું, પણ શાહજાહાંની ફોજે એને ચંબલ નદી પાસે હરાવ્યો. ખાનજાહાં નાશીને દખણમાં ગયો; જ્યાં અહમદનગરના બાદશાહે એને આશરો આપ્યો. આખરે બુંદેલખંડમાં ખાનજાહાં માર્યો ગયો.

અહમદનગર ખાલસા કર્યું—અહમદનગરના રાજાએ ખાનજાહાં લોદીને મદદ કરી હતી તેથી મુગલોએ અહમદનગરના મુલક પર ચઢાઇ કરી. અહમદનગરના રાજાને બીજાપુર અને ગોલકોન્ડાના રાજાની મદદ હતી, તેથી ત્રણુંડે સામે મુગલોને લડવું પડયું; પણ

તેઓ કેટલોક વખત સુધી ફાવ્યા નહીં, અને તેવામાં એક મરેઠી સરદાર શાહાજી ભોંસ્લેએ અહમદનગરનો કબજો લીધો. શાહજાહાં પોતે દખણમાં આવ્યો અને બીજાપુર અને ગોલકોન્ડાના રાજાઓને ખંડણી આપવાની ફરજ પાડી, તથા શાહાજીને હરાવીને અહમદનગરનું રાજ્ય દીલ્હીના રાજ્ય સાથે જોડી નાખ્યું (૧૬૩૭).

કંદહાર ખોયું—૧૬૨૧માં ઈરાનીઓએ કંદહાર મુગલોના હાથમાંથી જીતી લીધું હતું, પણ ૧૬૩૦ માં ત્યાંના હાકેમ અલી મરદાનખાનની મસલતથી તે પાછું શાહાજાહાંના હાથમાં આવ્યું. ૧૬૫૩માં ઈરાનના રાજાએ તે પાછું જીતી લીધું ને ત્યાર પછી મુગલો તે લેવામાં કદી ફાવ્યા નહીં.

શાહજાહાંની સામે એના છોકરાઓનું બંડ—ઘણા વરસ શાંતીથી રાજ કર્યા પછી ૧૬૫૭માં શાહજાહાં માંદો પડયો, અને તેનો વડો છોકરો દારા, જે શુરો, ઉદાર, અને ભોળો હતો તેને રાજ્ય કારભાર સોંપ્યો. એ વખતે શાહજાહાંનો બીજો છોકરો શુજા, જે બાંયલો અને વિષયી હતો, તે બંગાલાનો સુબો હતો; ત્રીજો છોકરો ઔરંગજેબ દખણનો, અને સર્વથી નાનો મુરાદ ગુજરાતનો સુબો હતો. શાહજાહાંના મંદવાડની વાત દારાએ છુપાવવાની કોશેશ કરી તે છતાં સઘળા છોકરાઓએ જાણી, અને શુજા અને મુરાદે બાદશાહી ખેતાબ ધારણ કરીને દીલ્હી તરફ કુચ કરવાની તૈયારી કરી. ઔરંગજેબ જે સઘળા ભાઈઓમાં ઘણોજ બાહોશ અને ખંદો હતો તેણે મુરાદને એવું સમજાવ્યું કે મારે મકકે જઈને ફકીર થવું છે, પણ નાસ્તીક દારાને બદલે તને દીલ્હીની ગાદીપર જોવાને મારી ખુશી ઘણી છે. મુરાદ જે ઘણો ભોળો અને નબળાં મનનો હતો તેણે ઔરંગજેબના બોલવા ઉપર ભરોસો રાખીને પોતાની ફોજ ઔરંગજેબની ફોજ સાથે જોડી નાખી, અને બન્ને

ભાઇઓએ દીલ્હી તરફ કુચ કરી. દારા પેહેલાં શુજાની સામો ગયો ને તેને કાશી આગળ હરાવીને પાછો કાઢયો. ઔરંગજેબ અને મુરાદે ઉજ્જન આગળ દારાના સરદાર જેશ્વંતસીંગને હરાવ્યો, અને તેઓ આગળ વધ્યા. આગ્રા પાસે દારા ઔરંગજેબ અને મુરાદની સામો થયો, પણ હાર્યો અને દીલ્હી તરફ નાઠો. ઔરંગજેબ અને મુરાદ આગ્રામાં દાખલ થયા, શાહજાહાંને તેના મેહેલમાં નજર કેદ કર્યો, અને દારાની પાછળ ગયા. રસ્તામાં ઔરંગજેબે દગાથી મુરાદને કેદ કીધો ને તેને ગવાલ્યરના ડુંગરી કિલ્લામાં મોકલાવી દીધો; અને પોતે દીલ્હી આવીને આલમગીર નામ ધારણ કરીને ગાદીપર બેઠો (૧૬૫૮). શાહાજાહાં પોતાના મેહેલમાં એક કેદી તરીકે રહીને ૧૬૬૬ માં મરણ પામ્યો.

શાહજાહાંના અમલમાં મુગલ રાજ્યની આવક ઘણી વધી, અને એણે દીલ્હી અને આગ્રામાં સુંદર ઇમારતો બાંધીને પોતાનું નામ અમર કર્યું. એ ઇમારતોમાં આગ્રામાં બાંધેલો તાજમેહેલ જેમાં એની અને એની માનીતી બેગમની કબર છે તે દુનિયામાં સર્વથી સુંદર ઇમારત ગણાયછે. વળી આગ્રાના કિલ્લામાં બાંધેલી મોતી મસ્જીદ અને દીલ્હીની જુમા મસ્જીદ તથા ત્યાંનો મેહેલ અને દીવાની ખાસ ઘણી સુંદર ઇમારતો છે. એની દરબારના ભપકાએ અને એના ઝવેરથી મઢી લીધેલાં મોરના આકારનાં તખતે (મોરાસન) યુરોપીઅન મુસાફરોને અચરતીમાં નાખ્યા હતા.

ઔરંગજેબ—૧૬૫૮–૧૭૦૭.

ઔરંગજેબ બાપને કેદ કરી આલમગીર નામ ધારણ કરીને ૧૬૫૮ માં ગાદીએ બેઠો. કોઇ રજપુત રાજાએ દારાને ઔરંગ-

જેબના હાથમાં સપડાયો, અને ઔરંગજેબે તેને ૧૬૫૯માં મારી નખાવ્યો. શુજાને ઔરંગજેબના સરદાર મીર જુમલાએ હરાવીને હાંકી કાઢ્યો, ત્યારપછી તેણે આરાકાન પ્રાંતમાં આશરો લીધો, જ્યાં તે પોતાના કુટુંબ સહિત માર્યો ગયો (૧૬૬૦). મુરાદને ૧૬૬૧ માં ઔરંગજેબે બંદીખાનામાંજ મારી નખાવ્યો. શાહજાહાં પોતાના છોકરાઓના ખુનથી દુઃખી થઇને ૧૬૬૬ માં આગ્રામાં મરણ પામ્યો.

મુગલોની દખ્ખણપર સવારી—(૧૬૫૮-૧૬૮૩). ઔરંગજેબના ગાદીપર આવ્યા અગાઉ બીદર, અહમદનગર, અને બીરારના રાજ્યો મુગલોએ તાબે કર્યાં હતાં; પણ બીજાપુર અને ગોલકોન્ડાના રાજ્યો હજુર સ્વતંત્ર હતાં. આ બે રાજ્યો તાબે કરવાને ઔરંગજેબે ઠરાવ કર્યો. પચીસ વર્ષ સુધી એણે પોતાના સરદારોની મારફતે દખ્ખણમાં લડાઇ ચાલુ રાખી, પણ આ વખતે મરેઠી જાતના નવા દુશમનો તેની સામે થયા હતા, તેઓને લીધે તે પોતાની મતલબમાં ફાવ્યો નહીં.

શીવાજી (૧૬૬૪-૧૬૮૦). આ પ્રખ્યાત લડવૈયો અને મરેઠાનો પેહલો રાજા શાહજી ભોંસલે નામના એક મરેઠી સરદારનો છોકરો હતો. શીવાજીના બાપની પુનામાં જાગીર હતી ત્યાં એ પોતાની મા સાથે રેહતો હતો. એના બાપના એક વિશ્વાસુ બ્રાહ્મણ કારભારીની દેખરેખ હેઠળ ઘોડે બેસવાની અને બીજી કસરતો કરવાને, અને જુદી જુદી જાતના લડાઇના હથીઆર ચપળતાથી વાપરવાને એ શીખ્યો હતો. પશ્ચિમ ઘાટના ડુંગરાંમાં રેહેનારા લડાયક માવલી લોકો સાથે એણે નાનપણથી પડોસના શેહેરોમાં લુટફાટ કરવા માંડી, ને થોડા વખતમાં પોતાની આસપાસ આ જબરા લોકોની એક નાની ફોજ એકઠી કરી. ઓગણીસ વર્ષની ઉમરે પુનાથી વીશ મૈલ દૂર આવેલો તોર્નાનો ડુંગરી કિલ્લો

ત્યાંના કિલ્લેદારને લાંચ આપીને એણે પોતાના કબજામાં લીધો (૧૬૪૯); અને ત્યારપછી ધીમેધીમે બીજા કિલ્લાઓ લઇને બીજાપુરના રાજ્યનો કેટલોક મુલક પોતાને તાબે કરી લીધો. બીજાપુરના રાજાએ શીવાજીનુ બળ વધતું જતું જોઇને ૧૬૫૯ માં પોતાના એક શુરા સરદાર અફ્‌જુલખાનને એક મોટી ફોજ સાથે શીવાજીને વશ કરવા મોકલ્યો. શીવાજીએ ખોટો ગભરાટ દેખાડીને ને પોતે બાદશાહને તાબે થવાને ઘણો આતુર છે એવું ડોળ ઘાલીને અફ્‌જુલખાનને પોતાના પરતાબગઢના કિલ્લા પાસે ખાનગી મુલાકાતે આવવાને લલચાવ્યો, અને તેને દગાથી મારી નાખીને તેનું લશકર વીખેરી નાખ્યું. ૧૬૬૨માં શીવાજીએ મુગલોના મુલકમાં છેક ઔરંગાબાદ સુધી લુટફાટ કરી. ઔરંગજેબનો મામો શાહીસ્તખાન એ વખતે દખણનો સુબો હતો, તેણે મરેઠી મુલકપર ચઢાઇ કરીને પુનાનો કબજો લીધો. શીવાજી થોડાં માણસ સહિત એક દહાડો રાતના તદબીરથી પુનામાં પેઠો, ને શાહીસ્તખાનપર એકાએક હુમલો કર્યો. શાહીસ્તખાન મુશકેલીથી નાઠો, ને શીવાજી વગર હરકતે પુનુ છોડી ગયો. ત્યારપછી ૧૬૬૩ માં શીવાજીએ સુરત લુટયું. ૧૬૬૪ માં શીવાજીએ રાજાનો ખેતાબ ધારણ કીધો, ને પોતાને નામના સીક્કા પડાવ્યા. ૧૬૬૫ માં શીવાજી સામે ઔરંગજેબે એક મોટી ફોજ મોકલી, જેણે એક પછી એક શીવાજીના ઘણા કિલ્લા લઇ લીધા, ને શીવાજીને તાબે થઇ સંધી કરવાની ફરજ પાડી. એજ વર્ષમાં શીવાજીએ બીજાપુર સામે મુગલોને મદદ કરી, તેથી ઔરંગજેબે એક પત્ર લખી એને દીલ્હી બોલાવ્યો. ૧૬૬૬ માં શીવાજી પોતાના છોકરા સંભાજીને લઇને દીલ્હી ગયો. ઔરંગજેબે તેને પોતાની દરબારમાં હલકી પદવી આપી અને દીલ્હીમાં નજરકેદ રાખ્યો; પણ શીવાજી તદબીરથી પોતાના છોકરા સાથે દીલ્હી છોડી ગયો, ને દખણમાં આવી ઔરંગજેબ સામે લડાઇ ઉઠાવી. જોધપુરના રાજા જેશવંતસીંગના

વચ્ચે પડવાથી થોડા વખતમાં ઔરંગઝેબ અને શીવાજી વચ્ચે પાછી સલાહ થઇ. ૧૬૭૦ માં શીવાજીએ ફરીથી સુરત લુટયું; અને પોતાના મુલકના રાજ્ય કારભાર વિષે પકકો બંદોબસ્ત કરીને ૧૬૭૪ માં તેણે રાયગઢમાં મહારાજાધીરાજનો ખેતાબ ધારણ કીધો, અને સોનાથી પોતાની તુલના કરીને તે સોનુ બ્રાહ્મણોને વેંહેંચી આપ્યું. ૧૬૭૬ માં એ કર્નાટક પ્રાંતપર ચઢયો, અને પોતાના બાપની ત્યાંની જાગીરની આવકનો અરધો ભાગ દર વર્ષે આપવાની પોતાના સાવકા ભાઇ વેન્કાજીને ફરજ પાડી. શીવાજી ૧૬૮૦ માં રાયગઢમાં મરણ પામ્યો ને એની પછી એનો છોકરો સંભાજી ગાદીએ બેઠો.

ઔરંગઝેબ અને રજપુતો વચ્ચે લડાઇ—(૧૬૭૭-૧૬૮૧). અકબરે કાઢી નાખેલો હિંદુઓપરનો જજીઆવેરો ઔરંગઝેબે ૧૬૭૭ માં પાછો નાખ્યો, હિંદુઓને સરકારી નોકરીમાંથી કાઢી મુકયા, અને જેસ્વંતસીંગનાં મરણ પછી તેની બાયડી છોકરાંપર જુલમ પાડયો, તેથી રજપુતોના દીલ ઘણા દુખાયાં, અને મુખ્ય રજપુત રાજ્યોએ એની સામે લડાઇ ઉઠાવી (૧૬૭૭). ઔરંગઝેબની ફોજે જેપુર, જોધપુર, અને ઉદેપુરના મુલકો ઉજાડ કર્યા, અને રજપુતોએ માલવાના મુસલમાની પ્રાંતોમાં લુટ અને કતલ ચલાવીને વેર લીધું. (આ લડાઇથી મુગલ રાજની પડતીનું બી રોપાયું, અને ઔરંગઝેબની પછી આવનારા બાદશાહોના અમલમાં રજપુતોએ મુગલ રાજ્ય ભાંગી પાડવાને બનતી કોશેશ કરી). ૧૬૮૧ માં દખણમાં ભારે ફોજ સાથે લડાઇ ચલાવવાના હેતુથી ઔરંગઝેબે રજપુતો સાથે સલાહ કરી.

ઔરંગઝેબની દખણપર સવારી—(૧૬૮૩—૧૭૦૭). પચીસ વર્ષ સુધી સરદારો મારફતે લડાઇ ચલાવ્યા પછી ઔરંગઝેબ પંડે ૧૬૮૩ માં દખણપર ચઢયો, અને મુઓ ત્યાંલગી ચોવીસ વર્ષ દખણ-

માં રહીને લડયો. ૧૬૮૬ માં બીજાપુર, અને ૧૬૮૭ માં ગોલકોન્ડા તેણે ખાલસા કર્યા, પણ તે મરાઠા સામે પુરેપુરો ફાવ્યો નહીં. ૧૬૮૯ માં શીવાજીનો છોકરો સંભાજી એના હાથમાં કેદ પકડાયો, તેને એણે મારી નખાવ્યો, અને તેના ૭ વર્ષના છોકરા શાહુને કેદ રાખ્યો. મરેઠી સરદારો આ બનાવથી ડર્યા નહીં, ને સંભાજીના સાવકા ભાઇ રાજારામને તેઓએ ગાદીએ બેસાડયો. ૧૭૦૦ માં રાજારામના મરણ પછી તેના નાના છોકરા શીવાજી બીજાને તેઓએ રાજા કર્યો, પણ તેની નાની વયને લીધે તેની મા તારાબાઇ રાજ્ય કારભાર ચલાવવા લાગી. ઔરંગજેબે ૧૭૦૧ સુધીમાં મરેઠાના ઘણાખરા કિલ્લા તાબે કર્યા, પણ ૧૭૦૫ સુધીમાં મરેઠા તે પાછા લેવામાં ફતેહ પામ્યા. મરેઠાઓ સામે ફાવ્યા વગર ૧૭૦૭ માં ઔરંગજેબ અહમદનગરમાં મરણ પામ્યો.

ઔરંગજેબ કામમાં ઉમંગી અને રાજ્ય કારભારમાં ઘણો કુશળ હતો; મુસલમાની ધર્મપર એનું ઘણું આકીન હતું, અને હિંદુઓને એ ધીક્કારતો હતો. બાપને પદભ્રષ્ટ કરીને, ભાઇઓના ખુન કરીને, અને હિંદુઓપર જુલમ પાડીને એણે પોતાની કીર્તિને ડાઘ લગાડયો.

પ્રકરણ ૬ઠું.

મુગલ રાજયની પડતી હાલત—૧૭૦૭-૧૮૫૭.

ઔરંગજેબ પછીના દીલ્હીના બાદશાહ.

૭. બહાદુરશાહ (અથવા શાહઆલમ પેહેલો). ૧૭૦૭-૧૭૧૨
૮. જહાંદરશાહ ૧૭૧૨-૧૭૧૩
૯. ફરૂખશીર ૧૭૧૩-૧૭૧૯
૧૦. મહમદશાહ.............................. ૧૭૧૯-૧૭૪૮

૧૧. અહમદશાહ ૧૭૪૮–૧૭૫૪
૧૨. આલમગીર બીજો.. ૧૭૫૪–૧૭૫૯
૧૩. શાહઆલમ બીજો ૧૭૫૯–૧૮૦૬
૧૪. અકબર બીજો.. ૧૮૦૬–૧૮૩૭
૧૫. મહમદ બહાદુરશાહ ૧૮૩૭–૧૮૫૭

૧૭૦૭—ઔરંગઝેબના ત્રણે છોકરા ગાદી માટે લડ્યા, પણ તેનો વડો છોકરો મુઆઝીમ ઝુલફીકરખાં નામના સરદારની મદદથી પોતાના ભાઇઓ આલમ અને કામબખશને મારી નાખીને બહાદુરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો.

૧૭૧૨—બહાદુરશાહ મરણ પામ્યો; અને તેના વડા છોકરા જહાંદરશાહને ઝુલફીકરખાંએ ગાદીપર બેસાડ્યો. ઝુલફીકરખાં વઝીર થઇને સઘળો રાજ્ય કારભાર ચલાવવા લાગ્યો.

૧૭૧૩—જહાંદરશાહના ભત્રીજા ફરૂખશીરે ગાદીનો દાવો કીધો, અને તેને બાહાર પ્રાંતના સુબા સૈયદ હુસેનઅલીએ અને અલાહબાદ પ્રાંતના સુબા સૈયદ અબદલ્લાએ મદદ કરી. આ સૈયદ ભાઇઓએ આગ્રા પાસે ઝુલફીકરખાં અને જહાંદરશાહને હરાવીને મારી નાખ્યા, અને ફરૂખશીરને બાદશાહ કર્યો. હુસેનઅલી વઝીર થયો, ને અબદલ્લા સેનાધિપતી થયો.

૧૭૧૯—સૈયદ ભાઇઓથી છુટો થવાની ફરૂખશીરે કોશેશ કરવા માંડી, તેથી સૈયદ હુસેનઅલીએ તેને મારી નાખ્યો; અને એક પછી એક ત્રણ નાના છોકરાઓને બાદશાહ કર્યા, જેમાંના બે થોડા માસમાં મરણ પામ્યા, ને ત્રીજો મહમદશાહ એ વર્ષના સપ્ટેમબર મહીનાથી રાજ કરવા લાગ્યો.

૧૭૨૦—નીજામ-ઉલ-મુલ્ક અને અયોઢયાના હાકેમ સાદતખાંએ સૈયદ ભાઇઓની સામે એકસંપ કર્યો. નીજામે બંડ ઉઠાવ્યું અને પોતાની આગલી સુબેદારી પાછી મેળવવાને દખણ તરફ કુચ કરી. હુસેનઅલી બાદશાહને સાથે લઇને તેની પાછળ ગયો, પણ માર્ગમાં તેને કોઇએ મારી નાખ્યો. સૈયદ અબદલ્લા દીલ્હી અને આગ્રાની વચ્ચે શાહાપુરની લડાઇમાં નીજામ-ઉલ-મુલ્કને હાથે હાર્યો અને માર્યો ગયો. નીજામ દીલ્હી આવીને બાદશાહનો વજીર થયો.

૧૭૨૪—નીજામ-ઉલ-મુલ્ક હૈદ્રાબાદમાં રાજધાની કરીને દખણમાં સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યો.

૧૭૨૫—બંગાલાનો સુબેદાર મુરશીદ કુલીખાં દીલ્હીની ગાદીથી સ્વતંત્ર થયો.

૧૭૩૨—અયોઢયાનો સુબો સાદતખાં જે બાદશાહનો વજીર પણ હતો તે અયોઢયાનો સ્વતંત્ર નવાબ થયો.

૧૭૩૬—મરેઠી પેશવા બાજીરાવ પેહેલાએ દીલ્હીપર ચઢાઇ કરી; નીજામ-ઉલ-મુલ્ક બાદશાહની મદદે આવ્યો, પણ ભોપાલની લડાઇમાં બાજીરાવે તેને હરાવ્યો.

૧૭૩૮—ઇરાનનો રાજા નાદીરશાહ હેરાત અને કંદહાર જીતી લીધા પછી હિંદુસ્તાનપર ચઢયો, અને કર્નાલની લડાઇમાં મહમદ-શાહની ફોજને હરાવીને દીલ્હીમાં પેઠો. દીલ્હીમાં લુટ ને કતલ ચલાવીને, અને ત્યાંથી શાહજાહાંનું મોરાસન અને પુષ્કળ ખજાનો લઇને તે પાછો ફર્યો.

૧૭૪૭—નાદીરશાહના મરણ પછી તેનો એક સરદાર અહમદશાહ-અબદલી કંદહારનો રાજા થયો હતો, તેણે હિંદુસ્તાનપર પહેલી ચઢાઇ કરી.

૧૭૪૮—સરહિંદની લડાઇમાં અહમદશાહ અબદલીને શાહજાદા અહમદ અને વઝીર કમરૂદ્દીને હરાવ્યો.

૧૭૪૮—મહમદશાહ મરણ પામ્યો, અને તેનો છોકરો અહમદશાહ ગાદીએ બેઠો. (એજ વર્ષમાં નીઝામ-ઉલ-મુલ્ક અને શાહુ રાજા મરણ પામ્યા).

૧૭૫૧—અહમદશાહ અબદલીએ બીજીવાર હિંદુસ્તાનપર ચઢાઇ કરી, પણ તેને બાદશાહે લાહોર અને મુલતાન આપી પાછો વાળ્યો.

૧૭૫૪—નીઝામ-ઉલ-મુલ્કના પૌત્ર ગાઝીઉદ્દીનની સલાહથી ઉમરાવોએ અહમદશાહને ગાદીએથી ઉઠાડી મુકયો, અને તેના કાકા આલમગીર બીજાને ગાદી આપી. અહમદશાહને આંધળો કરી કેદખાનામાં નાખ્યો જ્યાં તે મરણ પામ્યો.

૧૭૫૬—અહમદશાહ અબદલી ત્રીજીવાર હિંદુસ્તાન પર ચઢી આવ્યો, ને દીલ્હી લુટી પાછો ફર્યો.

૧૭૫૯—અહમદશાહ અબદલીએ ચોથીવાર હિંદુસ્તાનપર ચઢાઇ કરી.

,, ગાઝીઉદ્દીને આલમગીર બાદશાહને મારી નાખ્યો; અને બાદશાહનો છોકરો શાહઆલમ જે ગાઝીઉદ્દીનને લીધે દીલ્હી છોડી બાહાર પ્રાંતમાં ભમ્યા કરતો હતો, તે નામનો બાદશાહ થયો. (૧૭૭૧ સુધી શાહઆલમ દીલ્હીમાં પગ મેલી શકયો નહીં, ને અલાહબાદમાં અંગ્રેજોના આશરા હેઠળ રહ્યો).

૧૭૬૦—અહમદશાહ અબદલીએ બીજીવાર દીલ્હી લુટયું.

,, ઉદગીરની લડાઇમાં મરેઠી સરદાર સદાશીવરાવ ભાઉએ નીઝામ સલાબત જંગને હરાવ્યો.

૧૭૬૧—પાનીપતની ત્રીજી લડાઇમાં અહમદશાહ અબ્દલીએ સદાશીવરાવ ભાઉની સરદારી હેઠળ મરેઠી ફોજને હરાવી.

૧૭૮૮—ગુલામકાદર નામના એક સરદારે શાહઆલમ બાદશાહની આંખો ફોડી નાખી. મરેઠાઓએ બાદશાહને છોડવ્યો, ને પોતાના કબજામાં રાખ્યો.

૧૮૦૩—અંગ્રેજ સરદાર લોર્ડ લેકે દીલ્હી લીધું, અને શાહઆલમને મરેઠાના હાથમાંથી છોડવ્યો.

૧૮૦૬—શાહઆલમ મરણ પામ્યો, અને તેનો છોકરો અકબર બીજો અંગ્રેજોના આશરા હેઠળ નામનો બાદશાહ થયો.

૧૮૩૭—અકબર બીજો મરણ પામ્યો, અને તેનો છોકરો મહમદ બહાદુરશાહ પણ નામનો બાદશાહ થયો.

૧૮૫૭—દેશી સીપાઇઓએ બળવો કર્યો, તેમાં મહમદ બહાદુરશાહે ભાગ લીધો, તેથી અંગ્રેજોએ એને દેશનીકાલ કરી રંગુનમાં રાખ્યો, જ્યાં એ ૧૮૬૨ માં મરણ પામ્યો.

નીજામ-ઉલ-મુલક (અસોફજાહ).

મુગલ રાજ્યમાં નીજામ-ઉલ-મુલ્ક એક પ્રખ્યાત લડવૈયા તરીકે જણાયલોછે. ૧૭૧૩માં ફરૂખશીરના ગાદીપર આવ્યા પછી એ જુલફીકરખાંની જગાએ દખણનો સુબેદાર થયો. ૧૭૧૪માં બાદશાહના વજીર સૈયદ હુસેન અલીએ એને એની જગાએથી ખસેડયો ને પોતે દખણનો સુબેદાર થયો. નીજામ-ઉલ-મુલ્ક અયોધ્યાના નવાબ સાદતખાં સાથે મળી જઇને સૈયદ ભાઇઓની સામો થયો, ને શાહાપુરની લડાઇમાં સૈયદ અબદલ્લાને હરાવીને તેણે સૈયદોની સત્તાનો અંત આણ્યો (૧૭૨૦). નીજામ બાદશાહનો વજીર થયો, ને તેણે પોતાનો દખણના સુબેદારનો

આગલો ઓદ્ધો પણ ધારણ કીધો. ૧૭૨૪માં એ દખણમાં ગયો, ને હૈદ્રાબાદનું રાજ્ય સ્થાપી સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગો. ૧૭૩૬ માં જ્યારે બાજીરાવ પેશ્વાએ દીલ્હીપર ચઢાઈ કીધી ત્યારે નીઝામ બાદશાહની મદદે ગયો, પણ બાજીરાવે ભોપાલની લડાઇમાં એને હરાવ્યો. ૧૭૪૮ માં આ બાહાદુર લડવૈયો ૧૦૪ વર્ષની ઉમરે મરણ પામ્યો.

પ્રકરણ ૭મું.

મરેઠી રાજ્યની ચઢતી અને તેનો અંત ૧૭૦૭—૧૮૪૮.

મરેઠી રાજા.

૧.	શીવાજી	૧૬૬૪–૧૬૮૦
૨.	સંભાજી	૧૬૮૦–૧૬૮૯
૩.	રાજારામ	૧૬૮૯–૧૭૦૦
૪.	શીવાજી બીજો	૧૭૦૦–૧૭૦૮
૫.	શાહુ	૧૭૦૮–૧૭૪૮
૬.	રામરાજા	૧૭૪૮–૧૭૭૭
૭.	શાહુ બીજો	૧૭૭૭–૧૮૧૮
૮.	પ્રતાપસિંગ (બાળા સાહેબ)	૧૮૧૮–૧૮૩૭
૯.	શાહાજી (આપા સાહેબ)	૧૮૩૭–૧૮૪૮

ઔરંગજેબના મરણ પછી તેના છોકરા આજમે સંભાજીના છોકરા શાહુને છોડી મુકયો, અને શાહુ પોતાનુ રાજ લેવા આવ્યો. આ વખતે સતારામાં શીવાજી બીજો રાજ કરતો હતો, અને તેની મા તારાબાઇ રાજ્ય કારભાર ચલાવતી હતી. તારાબાઈ શાહુની સામે થઇ, પણ કેટલાક મરેઠી સરદારો શાહુ સાથે મળી ગયા, તેથી તારા-

બાઇનું કાંઇ ચાલ્યું નહીં. શાહુ સતારાની ગાદીપર બેઠો, અને તારાબાઇ પોતાના છોકરા સાથે કોલાહપુરમાં જઇ રહી (૧૭૦૮). મુગલ દરબારમાં કેળવાયાથી શાહુને એશઆરામ ઘણો પસંદ હતો. તેથી તેણે સઘળો રાજ્ય કારભાર ૧૭૧૪ માં પોતાના વજીર બાલાજી વીશ્વનાથને સોંપ્યો. આ વખતથી મરેઠી રાજમાં પેશ્વા (વજીર) કરતા હરતા થયા, અને રાજાઓ માત્ર નામના રહ્યા. શાહુ ૧૭૪૮ માં મરણ પામ્યો, અને તેની પછી ચાર નામના રાજા થયા. છેલ્લો રાજા આપા સાહેબ ૧૮૪૮ માં મરણ પામ્યો, ત્યારે અંગ્રેજોએ સતારાનું રાજ્ય ખાલસા કર્યું.

પેશ્વાઓનો અમલ (૧૭૧૪—૧૮૧૮).

૧.	બાલાજી વિશ્વનાથ	૧૭૧૪-૧૭૨૦
૨.	બાજીરાવ પેહેલો	૧૭૨૦-૧૭૪૦
૩.	બાલાજી બાજીરાવ	૧૭૪૦-૧૭૬૧
૪.	માધવરાવ પેહેલો	૧૭૬૧-૧૭૭૨
૫.	નારાયણરાવ	૧૭૭૨-૧૭૭૩
૬.	સવાઇ માધવરાવ	૧૭૭૪-૧૭૯૫
૭.	બાજીરાવ બીજો	૧૭૯૫-૧૮૧૮

બાલાજી વિશ્વનાથ—૧૭૧૪-૧૭૨૦.

બાલાજી વિશ્વનાથ શાહુનો વજીર અને પેહેલો પેશ્વા હતો. ૧૭૧૪ માં શાહુ રાજાએ સઘળો રાજ્ય કારભાર એને સોંપ્યો. બાલાજીએ પોતાની હુશિયારીથી મરેઠી રાજ્યને જોરપર આણ્યું. ૧૭૧૮ માં બાલાજી એક ફોજ લઇને સૈયદ ભાઇઓની મદદે દીલ્હી ગયો. બાદશાહના વજીર સૈયદ હુસેનઅલીએ તેને દખણની ચોથનો તથા

પુના ને સતારાના મુલક ઉપરની સ્વતંત્ર સત્તાનો કરાર લખી આપ્યો (૧૭૨૦). બાલાજી ૧૭૨૦ માં મરણ પામ્યો.

બાજીરાવ પેહેલો—૧૭૨૦-૧૭૪૦.

બાલાજીનો છોકરો બાજીરાવ મરેઠી રાજ્યમાં શીવાજીની માફક એક લડવૈયા તરીકે પ્રખ્યાત થઇ ગયોછે. એ ઘણો સ્વદેશાભીમાની, શુરો, અને ભણેલો હતો. એણે મરેઠી રાજ્યને ઘણું વધાર્યું, અને લડવામાં જેઓ કુશળ માલમ પડ્યા તેઓને ઉંચી પદવીએ ચઢાવ્યા અને જાગીરો આપી. મલ્હારરાવ હોલકર અને રાણોજી સીંધ્યા, જેઓના વંશના રાજા હાલ ઇંદોર અને ગવાલ્યરમાં રાજ કરેછે, તેઓને ગરીબ અવસ્થામાંથી બાજીરાવે ઊંચી પદવીએ ચઢાવ્યા. બાજીરાવની મુખ્ય મતલબ મુગલાઇ રાજ્ય તોડીને ભરતખંડના ધણી થવાની હતી. મુલકો લડીને મેળવવામાં એ કુશળ હતો, પણ રાજ્યનો વહિવટ કરવામાં એ શીવાજીના જેવો હુશિયાર હતો નહીં. ૧૭૩૪ માં બાજીરાવે માલવા પ્રાંત તાબે કીધો. એજ વર્ષમાં મરેઠી ફોજના સેનાધિપતી ત્રીંબકજી દાભાડે અને બાજીરાવ વચ્ચે દભોઇ આગળ લડાઇ થઇ, જેમાં ત્રીંબકજી હાર્યો અને માર્યો ગયો. ૧૭૩૬ માં એણે ભોપાલની લડાઇમાં નીજામ-ઉલ-મુલ્કને હરાવ્યો, અને માલવા પ્રાંત, નર્મદા અને ચંબલની વચ્ચેનો મુલક, અને પચાસ લાખ રૂપીઆ બાદશાહ પાસથી અપાવવાનો કરાર લખી આપવાને નીજામને ફરજ પાડી. ૧૭૩૯ માં બાજીરાવના ભાઇ ચીમનાજી આપાએ બે મહીના સુધી ફીરંગી સાથે લડીને વસઇનો કિલ્લો લીધો. બાજીરાવ ૧૭૪૦ માં મરણ પામ્યો.

બાલાજી બાજીરાવ—૧૭૪૦-૧૭૬૧.

બાજીરાવનો વડો છોકરો બાલાજી બાજીરાવ બીરારના રાજા રઘુજી ભોંસલેના અટકાવ છતાં ૧૭૪૦ માં પેસ્વા થયો. એ આળસુ અને

ખંદો હતો, પણ માયાળુ ને દયાળુ હતો. એના વખતમાં બીરારના રાજાએ પોતાની સત્તા પૂર્વ તરફ ઘણી વધારી, અને બંગાલાપર કેટલીક સવારી કરીને ત્યાંથી ચોથ લીધી. ૧૭૫૭ માં બાલાજીએ કર્નાટક પર સવારી કરી અને આર્કટના નવાબ અને મૈસુરના રાજા કનેથી ખંડણી લીધી. ૧૭૬૦ માં ઉદગીરની લડાઇમાં પેસ્વાના ભાઇ સદાશીવરાવ ભાઉએ નીજામ સલાબતજંગને હરાવ્યો, અને તેને દૌલતાબાદ, આસીરગઢ, બીજાપુર અને ઔરંગાબાદ મરેઠાને આપવાની ફરજ પાડી. ૧૭૫૮ માં પેસ્વાના બીજા ભાઇ રાઘોબાએ લાહોરપર ચઢાઇ કીધી તેથી અહમદશાહ અબદલ્લી સિંધુ નદી ઓળંગી ચોથી વાર હિંદુસ્તાનપર ચઢી આવ્યો ને હોલકર અને સીંધ્યાને હરાવ્યા. અહમદશાહની સામે થવાને સદાશીવરાવ ભાઉ અને પેસ્વાના છોકરા વીશ્વાસરાવે ઉત્તર તરફ કુચ કરી; પણ પાનીપતની ત્રીજી લડાઇમાં અહમદશાહ અબદલીના હાથપર મરેઠાઓએ સખત હાર ખાધી, અને સદાશીવરાવ અને વીશ્વાસરાવ માર્યા ગયા (૭ મી જાનેવારી ૧૭૬૧). આ માઠા સમાચાર સાંભળતાંજ બાલાજી પેસ્વાને એવો તો ગમ લાગો કે એજ વર્ષના જુન મહીનામાં એ મરણ પામ્યો.

માધવરાવ—૧૭૬૧-૧૭૭૨.

બાલાજી પછી એનો છોકરો માધવરાવ ૧૭ વર્ષની ઉમરે પેસ્વા થયો, એની નાની વયને લીધે એનો કાકો રાઘોબા રાજ્ય કારભાર ચલાવવા લાગ્યો. હૈદ્રાબાદના નીજામે મરેઠી મુલકપર ચઢાઇ કરીને પુના લુટયું, પણ મરેઠાએ મુગલોને હરાવીને હાંકી કાઢયા. ૧૭૬૪ માં મૈસોરના રાજા હૈદરઅલીએ મરેઠી મુલકપર ચઢાઇ કરી. માધવરાવ પેસ્વા પોતે હૈદરની સામો ગયો, અને તેને હરાવીને ૩૨ લાખ રૂપીઆ લઇ પાછો કાઢયો. રાઘોબાએ અરધું રાજ મેળવવાની મતલબથી બંડ

કર્યું; પણ માધવરાવે તેને હરાવી મેહેલમાં કેદ રાખ્યો, ને ૧૭૭૨ માં છોડયો. ત્યાર પછી માધવરાવે હૈદરના મુલકપર ચડાઇ કરી, અને ચેરકુલીની લડાઇમાં હૈદરને હરાવીને લાભકારી શરતોએ સલાહ કરવાની ફરજ પાડી (૧૭૭૨). એજ વર્ષની આખેરીએ માધવરાવ ૨૮ વર્ષની ઉમરે મરણ પામ્યો. એ ઘણો શુરો અને ચતુર પેશ્વા હતો, અને રૈયતને સુખી કરવાને ઘણો આતુર હતો. એના વખતમાં સખારામ બાપુ અને નાના ફડનવીસ નામના ચતુર રાજ્ય કારભારી, રામશાસ્ત્રી નામનો પ્રખ્યાત ન્યાયધીશ, અને ત્રીંબકરાવ મામા અને હરીપંત નામના બહાદુર સરદારો હતા.

નારાયણરાવ—૧૭૭૨-૭૩.

માધવરાવને પુત્ર નહીં હોવાથી તેનો ભાઇ નારાયણરાવ પેશ્વા થયો, ને રાઘોબા પાછો રાજ્ય કારભાર ચલાવવા લાગ્યો. ૧૭૭૩ માં રાઘોબાએ તેની બાયડી આનંદીબાઇની શીખવણીથી નારાયણરાવનુ ખુન કરાવ્યું, ને પોતે પેશ્વાનો ઓધ્ધો ધારણ કીધો. મરેઠી સરદારો સખારામ બાપુ, નાના ફડનવીસ, હરીપંત, અને ત્રીંબકરાવ મામા રાઘોબાની સામા થયા, અને જોકે પેહેલાં તેઓને રાઘોબાએ હરાવ્યા, પણ ૧૭૭૪ માં નારાયણરાવની બાયડીએ એક છોકરાને જનમ આપવાથી રાઘોબાને પુનુ છોડી જવું પડયું, ને મરેઠી સરદારોએ આ બાળકને પેશ્વા તરીકે જાહેર કરીને રાજ્યકારભાર ચલાવ્યો. રાઘોબા મુંબઇમાં અંગ્રેજોની મદદ મેળવવામાં ફતેહ પામ્યો.

સવાઇ માધવરાવ—૧૭૭૪-૧૭૯૫.

મરેઠી સરદારોએ સવાઇ માધવરાવને ૧૭૭૪ માં પેશ્વા કર્યો. રાઘોબાને પેશ્વાની ગાદી અપાવવા માટે અંગ્રેજોએ મદદ કરી. અંગ્રેજ અને મરેઠા વચ્ચે ૧૭૭૫ થી ૧૭૮૨ સુધી લડાઇ ચાલ્યા કીધી, પણ

અંગ્રેજો મરેઠા સામે પુરેપુરા ફાવી શક્યા નહીં, અને આખરે ૧૭૮૨ માં સાલબાઈ આગળ અંગ્રેજ અને મરેઠા વચ્ચે સંધી થઇ, જેની એક શરતથી રાઘોબાને પેશ્વા તરફથી મહીને દહાડે ૨૫૦૦૦ રૂપીઆ મળતા થયા. આ વખતે મુખ્ય રાજ્ય કારભારી નાના ફડનવીસ હતો, અને માહાદાજી સીંધ્યા એક પ્રખ્યાત લડવૈયા તરીકે જણાયો હતો. સીંધ્યાએ દીલ્હીના બાદશાહને પોતાના કબજામાં રાખ્યો હતો, અને હોલકરને હરાવીને હિંદુસ્તાનમાં પોતાનો અમલ ઘણો મજબુત કર્યો હતો. પછી સીંધ્યાએ નાના ફડનવીસની સત્તા ઓછી કરવાનો નિશ્ચય કર્યો, અને પુને આવ્યો; પણ ૧૭૯૪ માં આ બળવાન સરદાર મરણ પામ્યો. ૧૭૯૫ માં નીજામે ચડેલી ખંડણી નહીં ભરી તેથી પેશ્વાએ તેના મુલક ઉપર સવારી કરી. કુર્દલાની લડાઇમાં પેશ્વાએ નીજામને હરાવ્યો, અને ત્રણ કરોડ રૂપીઆ અને કેટલોક મુલક આપવાની ફરજ પાડી. રાઘોબાના છોકરાઓને નાના ફડનવીસે કેદ રાખ્યા હતા તેઓને છોડવવાને માધવરાવ પેશ્વાએ કોશેશ કરી, પણ નાનાએ તેની મતલબ પાર પડવા દીધી નહીં; અને રાઘોબાના છોકરાઓ સાથે વેહેવાર રાખવાને પેશ્વાને મના કરી, તેથી માધવરાવ અગાશીપરથી નખાવી દઇ આપઘાત કરી મુઓ (૧૭૯૫).

બાજીરાવ બીજો—૧૭૯૫-૧૮૧૮.

બાજીરાવ રાઘોબાનો છોકરો હતો. સવાઇ માધવરાવના મરણ પછી કોઈ વારસ નહીં હોવાને લીધે નાના ફડનવીસ અને દોલતરાવ સીંધ્યાએ બાજીરાવને પેશ્વાની ગાદી આપી, જોકે એની ઉપર એ લોકોને ભરોસો હતો નહીં. એ ઘણો નબળો રાજા હતો, અને મરેઠી સરદારોને એણે પોતાના બાપનું વેર લેવાની મતલબથી માહોમાહે લડાવી માર્યા, અને એવી રીતે મરેઠી રાજ્યની પડતી આણી. ૧૮૦૦

માં પ્રખ્યાત રાજ્ય કારભારી નાના ફડનવીસ મરણ પામ્યો, ત્યારથી મરેઠી રાજ્યની પડતી શરૂ થઇ. સીંધ્યા અને હોલકર વચ્ચેની લડાઇમાં પેશ્વાએ સીંધ્યાનો પક્ષ પકડયો, તેથી ૧૮૦૧ માં જેશ્વંતરાવ હોલકર દખણમાં આવ્યો, અને પુનાનો કબજો લઇ પેશ્વાને પુનામાંથી હાંકી કાઢયો. પેશ્વા વસઇ ગયો અને અંગ્રેજોની મદદ માગી. ૧૮૦૨ માં અંગ્રેજો અને પેશ્વા વચ્ચે વસઇમાં સંધી થઇ, જેની શરતથી પેશ્વાએ પુનામાં પોતાના બચાવને ખાતર અંગ્રેજી લશકર રાખવાને અને તેનો ખરચ આપવાને કબુલ કીધું, અને અંગ્રેજોએ પેશ્વાને પુનાની ગાદી-પર પાછો બેસાડવાને કબુલ્યું. ૧૮૦૩ માં અંગ્રેજ સરદાર જેનરલ વેલેસ્લીએ પેશ્વાને પુને લાવી પાછો ગાદીએ બેસાડયો. સીંધ્યા અને બીરારના રાજા રઘુજી ભોંસલેને પેશ્વાએ અંગ્રેજો સાથે કરેલી સંધી પસંદ પડી નહીં, તેથી તેઓએ અંગ્રેજો સામે લડાઇ ઉઠાવી. આ બીજી મરેઠા સાથની લડાઇ ૧૮૦૩ માં ચાલી, તેમાં આ બન્ને સરદારો હાર્યા અને તેઓને પોતાનો કેટલોક મુલક અંગ્રેજોને આપવાની ફરજ પડી. હોલકરે ૧૮૦૪ માં અંગ્રેજો સામે લડાઇ ઉઠાવી, ને પાછળથી સીંધ્યાએ તેને મદદ કરી. આ ત્રીજી મરેઠા સાથની લડાઇ ૧૮૦૫ માં બંધ પડી. તેર વર્ષ સુધી અંગ્રેજોના આશરા હેઠળ રાજ્ય કર્યા પછી અંગ્રેજોની જુસરી હેઠળથી નિકળી જવાને પેશ્વાએ ઠરાવ કર્યો, ને ૧૮૧૭ માં અંગ્રેજો સામે લડાઇ ઉઠાવી. આ ચોથી મરેઠા સાથની લડાઇમાં અંગ્રેજોએ પેશ્વાની ફોજને ખડકી, કોરેગામ અને આસ્ટે આગળ હરાવી (૧૮૧૭-૧૮૧૮). પેશ્વા આખરે ૧૮૧૮ માં સર જોન માલકમને શરણ થયો. અંગ્રેજોએ એનુ રાજ્ય લઇને એને આઠ લાખ રૂપીઆનું વર્ષાસન બાંધી આપ્યું, અને એને કાનપુર પાસે બીથુર ગામમાં રાખ્યો, જ્યાં એ ૧૮૫૩ માં મરણ પામ્યો.

દીક્ષનરીઓ, વગેરે.

	રૂ.	આ.	પૈ.
ઈંગ્લીશ-ગુજરાતી દીક્ષનરી (વ્યાસ અને પટેલ).... ...	૩	૧૨	૦
ગુજરાતી-ઈંગ્લીશ દીક્ષનરી (એમ. બી. બલસારે)....	૫	૦	૦
,, , (પાંડે એન્ડ શાહ)....	૧	૬	૦
,, ,, (પટેલ)	૨	૦	૦
,, ,, (એલ. જી. પટેલ)....	૧	૮	૦
કોલોકવીયલ ફ્રેઝીઝ, ભાગ ૧ લો તથા ૨ જો; અંગ્રેજીમાં વાતચીત કરતાં શીખવાની સેહલી ચોપડીઓ. દરેક ભાગના	૦	૮	૦
ઇઝી લેતર રાઇતર; ઈંગ્રેજીમાં કાગજ લખતાં શીખવાને સેહલી ચોપડી...	૦	૧૦	૦
ગ્રીન ફ્રેઝીઝ	૦	૧૧	૦
શૉર્ટ સેનતનસીસ....	૦	૧	૦
બાળ ચીત્રપોથી....	૦	૧	૩
દુ:ખનો તરત વેળાનો ઉપાય અથવા ઘેરનો છાલોપાલો	૧	૦	૦
ખુલાસે જાદુ	૧	૦	૦
ક્રીકેટ; તેની પુરતી સમજ તથા સર્વે જાતના કાયદા સાથે	૪	૦	૦
ઉન ગુથવાના નમુના	૦	૧	૬
લોક કથા સુડ્ડા, ખ્યાલ ને સહરાઇ સહીત	૧	૮	૦

દી૦ અરદેશરની કું૦—ચોપડી વેચનારા તથા પ્રગટ કરનારા.

નં૦ ૫૬, ધોબીતલાવ, મુંબઈ.

સામાન્ય જ્ઞાન દિપક.

નીતિ, સંસાર અને કેળવણી સંબંધી, તથા સ્ત્રીઉપયોગી વિષયોનો સંપૂર્ણ સમાવેશ.

કીંમત—બાર આના.

જથાબંધ લેનારને સારૂં કમીશન મળશે.

દી૦ અરદેશરની કું૦ની બુકડીપો.

ધોબીતલાવ, મુંબઇ.

ઉપલી બુકડીપોમાં નિશાળોમાં ચાલતી સઘળી ચોપડીઓ તથા બીજા સર્વે જાતના પુસ્તકો ઘણું કીફાયત ભાવે વેચવામાં આવેછે.

જથાબંધ લેનારાઓને તથા નિશાળોના ઉપરીઓ અને વડા શીક્ષકોને ફકત એક વાર કામ પાડી જોવાની ભલામણ કરવામાં આવેછે.

હરેક સારા પુસ્તકો તથા દુકાનને અનુસરતો કોઇબી માલ જાંગડ, કમીશને વેચી આપવામાં આવશે.

બાહારગામના ઓરડરો તાકીદે બજાવામાં આવેછે.